# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જ્ઞાની જીવ ચક્રવર્તી સમાન છે કારણ કે ચક્રવર્તી છ ખંડ પૃથ્વી જીતે છે, જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે, ચક્રવર્તી શત્રુઓનો નાશ કરે છે. જ્ઞાની જીવ વિભાવ પરિણતિનો વિનાશ કરે છે, ચક્રવર્તીને નવનિધિ હોય છે, જ્ઞાની નવભક્તિ ધારણ કરે છે, ચક્રવર્તીને ચૌદ રત્ન હોય છે, જ્ઞાનીઓને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપ ચૌદ રત્ન હોય છે, ચક્રવર્તીની પટરાણી દિગ્વિજય માટે જવાને સમયે ચપટીથી વજ્રરત્નનો ભૂકો કરીને ચોક પૂરે છે, જ્ઞાની જીવોની સુબુદ્ધિરૂપ પટરાણી મોક્ષમાં જવાના શુકન કરવા માટે મહામોહરૂપ વજ્રનું ચૂર્ણ કરે છે, ચક્રવર્તીને હાથી, ઘોડા, રથ, પાયદળ એવી ચતુરંગિણી સેના હોય છે, જ્ઞાની જીવોને પ્રત્યક્ષ, પરોક્ષ, નય, પ્રમાણ અને નિક્ષેપ હોય છે. વિશેષ એ છે કે ચક્રવર્તીને શરીર હોય છે પણ જ્ઞાની જીવ દેહથી વિરક્ત હોવાના કારણે શરીરરહિત હોય છે. આમ જ્ઞાની જીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ-૭)

● સ્વસંવેદન સ્થિરતાથી ઉપજેલો રસાસ્વાદ સ્વાનુભવ તે અનંત સુખનું મૂળ છે. એ અનુભવ ધારાપ્રવાહરૂપ જાગતા દુઃખદાવાનલ રંચ પણ રહેતો નથી. સ્વાનુભવ ભવવાસઘટા નાશ કરવાને પરમ પ્રચંડ પવન મુનિજન કહે છે. અનુભવસુધાનું પાન કરી અનેક ભવ્ય અમર થયાં. પરમ પૂજ્યપદને અનુભવ જ કરે છે. એ વિના સર્વ વેદ પુરાણ નિરર્થક છે. સ્મૃતિ વિસ્મૃતિ છે, શાસ્ત્રાર્થ વ્યર્થ છે તથા પૂજા મોહભજન છે. અનુભવ વિના નિર્વિઘ્નકાર્ય વિઘ્ન છે, પરમેશ્વરકથા તે પણ જૂઠી છે, તપ પણ જૂઠ છે તથા તીર્થસેવન પણ જૂઠ છે. તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે. અનુભવ વિના ગામમાં ગાય-શ્વાન અને વનમાં હિરણાદિની માફક અજ્ઞાની તપસી છે. અનુભવપ્રસાદથી માણસ ગમે ત્યાં રહો—સદા પૂજ્ય છે. ૧૭૧૯.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ—૬૪)

● જે ગતિ અરિહંત પરમાત્માઓને પ્રાપ્ત થાય છે, જે ગતિ કૃતકૃત્ય આત્માઓને પ્રાપ્ત થાય છે, જે ગતિ ક્ષીણકષાય મુનિઓને મળે છે તે ગતિની મને સદાને માટે પ્રાપ્તિ હો. ૧૭૨૦.(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિ. ગાથા-૫૩)

● દાવાનલસે દગ્ધ હુઆ વન તો કિસી કાલમેં હરિત (હરા) હો ભી જાતા હૈ, પરંતુ જિહ્વારૂપી અગ્નિસે (કઠોર મર્મછેદી વચનોંસે) પીડિત હુઆ લોક બહુતકાલ બીત જાને પર ભી હરિત (પ્રસન્નમુખ) નહીં હોતા. ભાવાર્થ—દુર્વચનકા દાગ મિટના કઠિન હૈ. ૧૭૨૧. (શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૨૧)

વર્ષ-૧૩
અંક-૬




વિ. સંવત
૨૦૭૫
February
A.D. 2019




# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો અને તેનું જીતવું

ભગવાન ને ભગવાનની વાણી, શાસ્ત્ર આદિ ભાવેન્દ્રિય દ્વારા ગ્રહવામાં આવતા ઇન્દ્રિયના વિષયો છે, જણાવા યોગ્ય પરજ્ઞેયો છે. ભગવાનની વાણીથી કે શાસ્ત્રથી અર્થાત્ ઇન્દ્રિયના વિષયોથી મને લાભ થશે એવી માન્યતા જ મિથ્યા છે. ઇન્દ્રિયના વિષયથી લાભ થશે એમ માનનાર પરજ્ઞેયને તથા જ્ઞાયકને એકરૂપ માને છે. ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ સંબંધની નિકટતાને લીધે જાણે તેઓ પરસ્પર એકમેક થઈ ગયેલા હોય એમ દેખાવાથી, પરજ્ઞેયોનું તથા રાગનું જ્ઞાન થતાં તેના લીધે જ્ઞાન થયું એવી એકતાબુદ્ધિ અજ્ઞાનીને વર્તે છે. જે કોઈ ઇન્દ્રિયના વિષયો છે તથા રાગાદિ છે તે સઘળાય જણાવાલાયક પરજ્ઞેયો છે- ગ્રાહ્ય છે ને તેને જાણતી જ્ઞાન પર્યાય તે ગ્રાહક છે. તે બંને સર્વથા ભિન્ન છે. પરંતુ જ્યાંસુધી ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેયોને જ ગ્રાહ્ય બનાવે છે ત્યાંસુધી અજ્ઞાનીને તે બે વચ્ચે પરસ્પર એકપણું અનુભવાય છે.

ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેય એવા નિજ ચૈતન્યતત્ત્વને ગ્રાહ્ય બનાવે છે. ત્યારે પોતાની ચૈતન્યશક્તિનું અસંગપણું અનુભવવામાં આવતા ઇન્દ્રિયના વિષયોથી સર્વથા ભિન્નપણું પ્રગટ થાય છે, તે જ ઇન્દ્રિયના વિષયોનું જીતવું છે.

**જાતિ-લિંગ-વિકલ્પથી આગમ-આગ્રહ હોય,**
**તેને પણ પદ પરમની સંપ્રાપ્તિ નહિ હોય. ૮૯.** –શ્રી સમાધિતંત્ર

ભગવાનની વાણી સાંભળતાં જ્ઞાન થયું કે શાસ્ત્ર વાંચન કરતાં જ્ઞાન વધતાં જાણે તેના લઈને જ્ઞાન થયું અથવા તો પર પદાર્થોને જાણતા જાણે પરપદાર્થના લીધે મને જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. પરજ્ઞેય ને જ્ઞાન જાણે એકરૂપ થઈ ગયા હોય એમ અજ્ઞાનીને દેખાય છે. પરંતુ તેમના વચ્ચે ગ્રાહ્યગ્રાહકલક્ષણ સંબંધ છે, તેઓ એકમેક થયા નથી.

ખરેખર તો સ્વગ્રાહ્યગ્રાહકપણામાં પણ એકરૂપપણું નથી, ધ્રુવ ને કેવળજ્ઞાન સંયોગ સંબંધે રહ્યા છે. જે કોઈ નવી પર્યાય થાય છે તે ધ્રુવને સંયોગ સંબંધે છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે છતાં સમ્યગ્દર્શનની પર્યાય તે ધ્રુવને સંયોગી છે. વળી બીજા સમયે તે પર્યાયનો વ્યય થાય છે તે ધ્રુવને તેનો વિયોગ છે.

ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય જ્યાં પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેયને ગ્રાહ્ય બનાવે છે ત્યાં ગ્રાહ્ય એવા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનંત ગહન શક્તિનું જ્ઞાન કરવા જતાં જ્ઞાનની પર્યાય પણ ગહન બની જાય છે. ગ્રાહક પર્યાયમાં સ્વ-પર બંને જ્ઞેયને જાણવાની તાકાત છે, પરંતુ ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય જ્યારે સ્વજ્ઞેયને ગ્રાહ્ય બનાવે છે ત્યારે સ્વ-શક્તિની ગહનતાને જાણતા જ્ઞાનની પર્યાય પણ ગહનતાને પામે છે.

સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવાલાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

એ રીતે જડ-ઈન્દ્રિય ભાવ-ઈન્દ્રિય અને તેના વિષયોને જીતીને જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ દૂર કરીને, જ્ઞાનસ્વભાવ વડે સર્વથી અધિક જે આત્માને જાણે છે તે જિતેન્દ્રિય જિન છે.

## કેવો છે જ્ઞાનસ્વભાવ

જ્ઞાનસ્વભાવ રાગાદિમાં નથી ને બીજા જીવોમાં પણ આ જ્ઞાનસ્વભાવ નથી તેથી જ્ઞાનસ્વભાવ વડે સર્વથી અધિક આત્માને જે જાણે છે તે જિતેન્દ્રિય જિન છે. કેવો છે જ્ઞાનસ્વભાવ ?-કે સમસ્ત પદાર્થોને જાણવા છતાં તે-રૂપ થતો નથી ને તેનાથી ભિન્ન રહે છે. સમસ્ત વિશ્વને જાણવા છતાં તેનાથી અલિપ્ત રહેતો થકો વિશ્વની ઉપર તરતો જ્ઞાનસ્વભાવ છે. કષાયની મંદતાના અવલંબન વિના પ્રત્યક્ષ ઉદ્યોતરૂપ જ્ઞાનસ્વભાવ પ્રકાશમાન જ્યોતિ છે, અવિનશ્વર છે, સ્વતઃસિદ્ધ ને પરમાર્થ સત્ છે—એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. જેણે આવો ભગવાન અનુભવમાં લીધો તેણે ભગવાન જ્ઞાનસ્વભાવ છે તેમ સ્વીકાર્યું છે ને તે જ જિતેન્દ્રિય જિન છે. (ક્રમશઃ) ✻




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૯)

આત્મા અનંત ગુણોનો પિંડ ત્રિકાળ વસ્તુ છે, દ્રવ્યગુણ કાયમ રહીને અવસ્થા સમયે સમયે બદલે છે, વ્યવહારનય તે બદલતી એક સમય પૂરતી અવસ્થાને જ પકડે છે માટે તે અભૂતાર્થ છે. મોક્ષદશા પ્રગટ્યા પછી ભલે અનંત કાળ એવી ને એવી રહે છે તોપણ તે એક સમય પૂરતી જ છે. એકેક સમયે બદલી–બદલીને અનંતકાળ સુધી એક જાતની અવસ્થા થાય, પણ એક સમયે બે અવસ્થા ભેગી થાય નહિ; આવો જ આત્માનો સ્વભાવ છે. બધા આત્મા આવા જ સ્વરૂપે છે; આત્મા પોતે શું વસ્તુ છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે એ જ અનંતકાળથી જીવોએ સાંભળ્યું નથી. દરેક વસ્તુનો સ્વભાવ કાયમ રહીને અવસ્થા બદલે છે, રજકણ વસ્તુ છે તેનો સ્વભાવ પણ પોતાની અવસ્થા પોતાથી બદલવાનો છે.

આત્મવસ્તુને જાણવામાં જ્ઞાનનાં બે પડખાં (બે નયો) કેમ પાડ્યાં તે કહેવાય છે. આત્મા વસ્તુ તો એકેક સમયે અનંત શક્તિથી પૂર્ણ જ છે. વસ્તુ ત્રિકાળ પરિપૂર્ણ જ હોય, કોઈ સમયે વસ્તુ પૂરી ન હોય એમ નથી; તે પૂરી વસ્તુને લક્ષમાં લેવી તે દ્રવ્યદૃષ્ટિ છે; અને સમયે સમયે બદલતી અવસ્થાને લક્ષમાં લેવી તે પર્યાયદૃષ્ટિ છે. દ્રવ્યદૃષ્ટિ એટલે નિશ્ચયનય અને પર્યાયદૃષ્ટિ એટલે વ્યવહારનય.

મનુષ્યની બાલ, યુવાન અને વૃદ્ધ એ બધી અવસ્થા એક સાથે હોય નહિ. બાલ હોય ત્યારે યુવાનદશા ન હોય, યુવાન હોય ત્યારે વૃદ્ધદશા ન હોય. વળી ૧૫ વર્ષ સુધીની બાલ-અવસ્થા ભલે રહે, પરંતુ તે ૧૫ વર્ષ પણ એક સમયમાં થઈ ગયાં નથી. એકેક સમયે પલટીને ૧૫ વર્ષ થયા છે; તેમ અનંત ગુણનો પિંડ આત્મા વસ્તુ, તેના જ્ઞાનાદિ અનંત ગુણો, તે બધા ગુણોની અવસ્થા એક સમયે એક હોય. સંસારદશા વખતે સિદ્ધદશા ન હોય, સિદ્ધદશા વખતે સંસારદશા ન હોય. એક વખતે એક દશા હોય. તેમાં પણ સંસારદશામાં અનંત કાળની અવસ્થા ભેગી આવી જતી નથી, પણ એક સમયે એક દશા જ હોય છે, મોક્ષમાં પણ એક સમયે એક જ દશા પ્રગટ હોય છે. સમયે સમયે બદલીને અનંતકાળ જાય છે.

**જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;**
**ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને મોહી ધરે ફરીય. ૯૦.** –શ્રી સમાધિતંત્ર

હવે આ નિયમસારજીમાં જીવ અધિકાર પૂરો કરતાં છેલ્લે નય-વિભાગનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. વસ્તુ તો ત્રિકાળ જ્ઞાનાદિ સ્વભાવે એકરૂપ છે, તે વસ્તુસ્વભાવને લક્ષમાં લ્યે તે દ્રવ્યદ્રષ્ટિ છે અને વર્તમાન અશુદ્ધ, ઊણી કે શુદ્ધ એ વગેરે પર્યાયને લક્ષમાં લ્યે તે પર્યાયદ્રષ્ટિ છે. અહીં તો આચાર્યદેવ કહે છે કે અધિક શું કહીએ! બે અપેક્ષા લાગુ પાડતાં સમસ્ત જીવોની શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા છે. સિદ્ધને પણ શુદ્ધ-અશુદ્ધ અવસ્થા છે અને સંસારીને પણ શુદ્ધ-અશુદ્ધ અવસ્થા છે. એમ નય-વિભાગની અપેક્ષાઓ વડે કહી શકાય છે. આ બતાવીને ખરેખર તો અવસ્થાનું લક્ષ છોડાવીને વસ્તુસ્વભાવનું લક્ષ કરાવવું છે.

પ્રશ્ન :—સિદ્ધ જીવોને અશુદ્ધ અવસ્થા કઈ અપેક્ષાએ કહેવાય? અને સંસારી જીવોને શુદ્ધ અવસ્થા કઈ અપેક્ષાએ કહેવાય?

ઉત્તર :—સિદ્ધને પણ પૂર્વે વિકારી અવસ્થા હતી, તે અવસ્થા ગઈ ત્યારે નિર્મળ અવસ્થા થઈ. તે પૂર્વની વિકાર અવસ્થાનો આરોપ કરીને સિદ્ધદશા વખતે પણ ભૂતનૈગમનયે મલિન—અશુદ્ધ દશા કહેવાય, અને તેવી રીતે સંસારી જીવોને નિર્મળ શુદ્ધદશા ભવિષ્યમાં પ્રગટવાની શક્તિ છે તે અપેક્ષાએ ભાવિનૈગમનયે વર્તમાન નિર્મળ દશા પણ કહેવાય. આ શુદ્ધ-અશુદ્ધ અર્થાત્ સંસાર-મોક્ષ એ ભેદ અવસ્થાદ્રષ્ટિમાં છે, વસ્તુદ્રષ્ટિમાં સંસાર-મોક્ષના ભેદ નથી. આ પ્રમાણે ભેદ-અભેદ બંને દ્રષ્ટિથી જ્ઞાન કરવું તે પ્રમાણ છે અને તે જ વીતરાગ સર્વજ્ઞદેવે કહેલ યથાર્થ વસ્તુસ્વરૂપ છે.

લાભ-નુકશાન પરવસ્તુમાં નથી, પણ પોતાની વર્તમાન માન્યતામાં છે. જગતના જીવોને પરવસ્તુનો સંયોગ તે કાંઈ હર્ષનું કારણ નથી તેમજ વિયોગ તે શોકનું કારણ નથી, પરંતુ અજ્ઞાનીઓએ ખોટી કલ્પના કરી છે કે મારી આ વસ્તુ ગઈ અને મને આ વસ્તુ મળી, —તે કલ્પનાને કારણે હર્ષ-શોકના વિકાર પોતે કરે છે. ખરેખર કોઈ પરવસ્તુ તો આત્મામાં નથી, અને રાગ-દ્વેષ, અજ્ઞાનાદિ પણ વસ્તુસ્વભાવમાં પેસી ગયાં નથી; જ્યાં સ્વભાવની ત્રિકાળ દ્રષ્ટિમાં મિથ્યાત્વ કે રાગ-દ્વેષ પણ આત્મામાં નથી તો પછી પરવસ્તુ તો આત્માથી જુદી ક્યાંય રહી ગઈ.

આત્મા ચિદાનંદસ્વરૂપ વસ્તુ છે, તે વસ્તુમાં વિકાર નથી, તેથી વિકાર ટળવાની અપેક્ષા પણ વસ્તુમાં નથી. એટલે વસ્તુ બંધ-મોક્ષ રહિત છે, વસ્તુમાં જાય શું અને આવે શું? એક સમય પૂરતી હાલતમાં વિકાર છે અને તે ટળી શકે છે એટલે કે અવસ્થામાં

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૨ ઉપર)

અજ્ઞ પંગુની દ્રષ્ટિને માને અંધામાંય;
અભેદજ્ઞ જીવદ્રષ્ટિને માને છે તનમાંય. ૯૧. —શ્રી સમાધિતંત્ર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે આત્માનો સદ્‌ભાવ જેમ સિદ્ધ થાય તેમ કહે છે :—

**संकप्पमओ जीवो सुहदुक्खमयं हवेइ संकप्पो ।**
**तं चिय वेददि जीवो देहे मिलिदो वि सव्वत्थ ॥१८४॥**

અર્થ :—જીવ છે તે સંકલ્પમય છે, અને સંકલ્પ છે તે સુખ-દુઃખમય છે. તે સુખ-દુઃખમય સંકલ્પને જે જાણે છે તે જ જીવ છે. જે દેહ સાથે સર્વત્ર મળી રહ્યો છે તો પણ, જાણવાવાળો છે તે જ જીવ છે.

હવે આત્માનો સદ્‌ભાવ જેમ સિદ્ધ છે તેમ કહે છે.

સંકલ્પ-વિકલ્પ જીવનું મૂળ સ્વરૂપ નથી પરંતુ તે સંકલ્પ-વિકલ્પ જીવના અસ્તિત્વમાં થાય છે, જીવના અસ્તિત્વ વિના સંકલ્પ-વિકલ્પ થતા નથી. આ પ્રમાણે જીવના અસ્તિત્વની સિદ્ધિ કરવા માટે આ કથન છે. અહીં જીવના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપની વાત નથી.

વીંછી કરડવાથી 'મને દુઃખ થાય છે'—એમ સંકલ્પ કોને થાય છે? જીવને કે શરીરને? જીવને જ તેવો સંકલ્પ થાય છે અને હવે મને ઝેર ઉતરી ગયું છે—તે પણ જીવ જાણે છે. જો કે આ સંકલ્પ-વિકલ્પ વિકાર છે પરંતુ તે જીવતત્ત્વની વિપરીતદશા છે. ભાવાર્થ એમ છે કે જીવના અસ્તિત્વ વગર આ વિકલ્પોની ઉત્પત્તિ થતી નથી.

જેણે જીવના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે પરંતુ તેના ત્રિકાળી સ્વભાવને જાણ્યો નથી, તેને શુદ્ધ સ્વભાવ બતાવવા સમયસારમાં કહ્યું છે કે સંકલ્પ-વિકલ્પરૂપ વિકાર છે, તે પુદ્‌ગલનું કાર્ય છે અને અહીં તો જે જીવના અસ્તિત્વને જ માનતો નથી, તેને જીવનું અસ્તિત્વ બતાવવા માટે કહ્યું છે કે જીવને જ સંકલ્પ-વિકલ્પ થાય છે. જીવ વગર ક્યારેય સંકલ્પ-વિકલ્પ થતા નથી.

ભાઈ! દેહની સાથે સંયોગરૂપ હોવા છતાં પણ જીવ તેનાથી ભિન્ન છે; જાણવાવાળું તત્ત્વ જ જીવ છે. જેમ— તલ અને તેલ સંયોગ અપેક્ષાએ એકમેક હોવા છતાં

> વિજ્ઞ ન માને પંગુની દૃષ્ટિ અંધામાંય;
> નિજજ્ઞ ત્યમ માને નહીં જીવદૃષ્ટિ તનમાંય. ૯૨.　　—શ્રી સમાધિતંત્ર

વસ્તુ સ્વરૂપે બંને ભિન્ન છે; તેવી જ રીતે જીવ અને દેહ એકક્ષેત્રમાં હોવા છતાં પણ જીવ તો જાણવાવાળો છે અને દેહ અચેતન છે, તે દેહથી જીવ ભિન્ન છે. આ પ્રમાણે જીવતત્ત્વને જાણવું જોઈએ.

જીવ જ્ઞાનસ્વભાવી છે, તે સંકલ્પ-વિકલ્પને પણ જાણવાવાળો છે. સુખ-દુઃખના જે સંકલ્પ થાય છે, તે જીવની પર્યાયમાં થાય છે પરંતુ જીવનું જ્ઞાન તેનાથી પણ ભિન્ન રહીને તેને જાણવાવાળું છે. એવા જીવને સ્વસંવેદનથી જાણવું તે ધર્મ છે.

હવે, જીવ, દેહ સાથે મળ્યો થકો સર્વ કાર્યોને કરે છે, તે કહે છે :—

**देहमिलिदो वि जीवो सव्वकम्माणि कुव्वदे जम्हा ।**
**तम्हा पयट्टमाणो एयत्तं बुज्झदे दोह्णं ।।१८५।।**

અર્થ :—કારણ કે જીવ છે તે દેહથી મળ્યો થકો જ સર્વ કર્મ-નોકર્મરૂપ બધાંય કાર્યોને કરે છે; તેથી તે કાર્યોમાં પ્રવર્તતા થકા લોકોને દેહ અને જીવનું એકપણું ભાસે છે.

ભાવાર્થ :—લોકોને દેહ અને જીવ જુદા તો દેખાતા નથી પણ બંને મળેલા જ દેખાય છે. સંયોગથી કાર્યોની પ્રવૃત્તિ દેખાય છે તેથી તે બંનેને એક જ માને છે.

જીવ અને શરીરનો સંયોગ છે, તે અપેક્ષાએ આ કથન છે કે જીવ, દેહની સાથે મળ્યો થકો બધા કાર્યો કરતો રહે છે.

હકીકતમાં તો જીવની ક્રિયા જીવ કરે છે અને દેહની ક્રિયા દેહથી થાય છે. પરંતુ તે કાર્યની વ્યવસ્થાનું જ્ઞાન જીવને છે; જડને કોઈ જ્ઞાન નથી. જ્ઞાન વ્યવસ્થિત કાર્ય કરે છે. જેમ 'ખાંડ લાવો'—એમ કોઈ કહે, તો ત્યાં તે પ્રકારે જ્ઞાન કરે છે—એમ જ્ઞાનનો સ્વભાવ છે. તે સમય વિકલ્પ થયો, તે જીવનો વિકાર છે તથા દેહની ક્રિયા થાય છે, તે દેહને કારણે થાય છે. પરંતુ હમેશા એમ મેળ હોય છે કે જ્ઞાનમાં જેવા વિચાર હોય તેવી દેહની ક્રિયા થાય છે—એમ કહીને અહીં જીવ સિદ્ધ કરે છે. જીવ, દેહની ક્રિયા કરે છે—આ વાત ઉપર વજન દેવું નથી. અહીં તો જીવને સિદ્ધ કરવા માટે વ્યવહારનું કથન છે.

જેમ, જે દિશામાં ચાલવાની ઈચ્છા હોય, તે દિશા તરફ જ દેહનું ગમન થાય છે. થાળીમાંથી જે વસ્તુ લેવી હોય તે વસ્તુ હાથમાં આવે છે—એમ લગભગ વ્યવસ્થિત બને છે—આ જીવનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. જીવના અસ્તિત્વ વિના એવી વ્યવસ્થા થતી નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**માત્ર મત્ત નિદ્રિત દશા વિભ્રમ જાણે અજ્ઞ;**
**દોષિતની સર્વે દશા વિભ્રમ ગણે નિજજ્ઞ. ૯૩.** –શ્રી સમાધિતંત્ર

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

## પરમાનંદની ઝંખનાવાળો પરમાત્માને નમે છે

આ ઈષ્ટોપદેશ પૂજ્યપાદ સ્વામીએ રચેલું છે. શ્રી કુંદકુંદ આચાર્ય મહારાજ થયા પછી શ્રી સમંતભદ્રસ્વામી થયા, પછી પૂજ્યપાદસ્વામી થયા છે. જેમ કુંદકુંદાચાર્ય મહારાજ મહાવિદેહમાં ગયા હતા તેમ આ પૂજ્યપાદ સ્વામી મહાવિદેહમાં ભગવાનના દર્શન કરવા ગયા હતા. ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિની ટીકા પણ તેમણે કરી છે. બહુ સમર્થ મહાપંડિત બાળબ્રહ્મચારી પૂજ્યપાદસ્વામી આત્મજ્ઞાન-ધ્યાનમાં સમર્થ ધર્મધુરંધર દિગંબર સંત થયા. તેમણે સમાધિશતક આદિ ઘણા ગ્રંથો બનાવ્યા છે. તેમાં આ ઈષ્ટોપદેશ એટલે આત્માને ઈષ્ટ-હિતકારી ઉપદેશ. ઈષ્ટ એટલે પ્રિયકારી, હિતકારી. આત્માને ઈષ્ટ મોક્ષ છે ને એ મોક્ષ કેમ થાય તેનો ઉપદેશ એ ઈષ્ટોપદેશ છે. તે આ ઈષ્ટોપદેશના ટીકાકાર પં. આશાધરજી પ્રથમ માંગલિક કરે છે :–

“તેની (ગ્રંથની) આદિમાં, જે જે ગુણોના અર્થી છે તે તે ગુણોયુક્ત પુરુષ વિશેષને નમસ્કાર કરે છે. તેથી પરમાત્માના ગુણોના અર્થી ગ્રંથકર્તા (શ્રી પૂજ્યપાદસ્વામી) પરમાત્માને નમસ્કાર કરે છે.”

જે જે ગુણના ચાહવાવાળા હોય છે તે તે ગુણસંપન્ન પુરુષને નમસ્કાર કર્યા કરે છે. જે જીવને જે ગુણ જોઈએ છે એ ગુણસંપન્ન પુરુષને એ નમસ્કાર કરે એવો સામાન્ય સિદ્ધાંત-નિયમ છે. કેમકે જે ગુણ પોતાને જોઈએ છે એ ગુણ જેને પ્રગટ થયો છે તેને જ તે નમસ્કાર કરે છે. કેમકે એ ગુણની પ્રાપ્તિ પોતાને જોઈએ છે. પૈસાવાળાને શેઠ સાહેબ શેઠ સાહેબ કહે, કારણ કે પોતે પૈસાનો અર્થી છે. સમયસારમાં આવે છે કે લક્ષ્મીનો અર્થી છે એ રાજાની સેવા કરે, આત્માર્થી છે એ આત્માની સેવા કરે.

અહીં કહે છે કે જે જે ગુણને ચાહે છે તે તે ગુણથી સંપન્ન પુરુષને નમસ્કાર કરે છે એ સામાન્ય નિયમ થયો. પરમાત્માના ગુણને ચાહવાવાળા શ્રી પૂજ્યપાદસ્વામી ગ્રંથકર્તા પ્રથમ મંગલાચરણમાં પરમાત્માને યાદ કરે છે. પ્રભુ! મને પૂરણ શાંતિ ને આનંદ જોઈએ છે ને આપને પૂરણ આનંદ ને શાંતિ પ્રાપ્ત થયા છે માટે હું આપ પરમાત્માને નમસ્કાર કરું છું.

**તનદૃષ્ટિ સર્વાગમી જાગૃત પણ ન મુકાય;**
**આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ૯૪.　　–શ્રી સમાધિતંત્ર**

यस्य स्वयं स्वभावाप्तिरभावे कृतस्नकर्मणः ।
तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने ।।१।।

સકલ કર્મનો ક્ષય કરી, પામ્યા સ્વયં સ્વભાવ,
સર્વજ્ઞાની પરમાત્મને, નમું કરી બહુ ભાવ. ૧

ભગવાન પરમાત્માને સંપૂર્ણ કર્મોનો અભાવ થયો છે ને પોતાના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ થઈ છે. અનંત આનંદ ને જ્ઞાન આદિ ગુણસંપન્ન આત્માની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રાત્મક પુરુષાર્થ વડે મોક્ષને પરમાત્માએ પ્રાપ્ત કર્યો છે. પુરુષાર્થ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પરથી સન્મુખતા છોડી, સ્વસન્મુખતા કરીને પરમાત્માએ પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી. સ્વયં પુરુષાર્થથી મોક્ષની પ્રાપ્તિ કરી એટલે કર્મનો અભાવ થઈ ગયો. જેને મોક્ષ પ્રિય છે, જેને અનંત આનંદ પ્રિય છે એ આનંદ માટે એ કાળ સામું જોઈને બેઠો રહેતો હશે ? એ તો પોતાનો આત્મા અનંત આનંદસ્વરૂપ છે તેની સન્મુખ જોઈને પુરુષાર્થ કરે છે ને ત્યારે તેનો કાળ પાકી ગયો છે. કાળ સામું જોઈને બેઠું રહેવું છે ? કાળ એટલે શું ? એની સામું શી રીતે જોવું ? કાળ એ તો પર્યાય છે, એની સામું જોવું છે ? ભગવાન આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ. તેના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ પરમાત્માએ કરી છે. કર્મ જવાથી પ્રાપ્તિ થઈ એમ નહીં, પુરુષાર્થથી પ્રાપ્તિ કરી છે.

જેને અનાદિ કાળથી વિકાર પ્રિય લાગતો હતો તેને આત્મા પ્રિય લાગ્યો ત્યારે પુરુષાર્થથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, તેમાં કાળલબ્ધિ આવી જાય છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ આનંદકંદની મૂર્તિ તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં જોડાણા તો એ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા, એ સિવાય કોઈ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા નથી. આ રીતે અનંતા પરમાત્મા થયા, અત્યારે છે ને ભવિષ્યમાં થશે.—તેમ કહે છે.

આ તો ઈષ્ટોપદેશ છે. હિતકારી ઉપદેશ છે. ભાઈ ! તારું હિત તો પરમાનંદ છે ને ! એ પરમાનંદની પ્રાપ્તિ પરમાત્માએ શેમાંથી કરી ? ક્યાં હતી તે કરી ? શેમાં જોઈને કરી ? શું કરીને કરી ? એ કહે છે કે આત્મા પોતે શુદ્ધ આનંદસ્વરૂપ છે એમ અંતરની પ્રિયતાની રુચિમાં જોડાઈને દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધનપણું કરીને પરમાનંદપણું પામ્યા છે.

આત્માના આરાધનથી ત્રણકાળ ત્રણ લોકને એક સમયમાં જાણે એવા

જેમાં મતિની મગ્નતા, તેની જ થાય પ્રતીત;
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫. –શ્રી સમાધિતંત્ર

કેવળજ્ઞાનની જેને પ્રાપ્તિ થઈ છે એવા પરમાત્માને મારા નમસ્કાર. મારું નમન, મારું વલણ, મારું ઘોલન, આવા સર્વજ્ઞ પરમેશ્વર તરફ જાય છે. લક્ષમાં કેવળજ્ઞાન લીધું છે, કેવળજ્ઞાનની આ રીતે પ્રાપ્તિ કરવી એવી પ્રતીત થઈ છે ને તે પૂર્વક સ્વરૂપની રમણતા આચાર્યદેવ કરે છે. જેને પૂર્ણદશા પ્રાપ્ત થઈ છે ને મારે એ પૂર્ણદશા જોઈએ છે, આટલી અપૂર્ણદશામાં રહેવું છે એમ નથી પણ પૂરણદશા કેવળજ્ઞાન જોઈએ છે તેથી એવી પ્રાપ્તિ જેને થઈ છે એવા સર્વજ્ઞ ભગવાનને હું નમસ્કાર કરું છું એમ માંગલિક કર્યું.

શ્રી પૂજ્યપાદસ્વામી દિગંબર મહા સંત, એમણે આ મંગલાચરણનો માણેકસ્થંભ રોપ્યો. લગ્નમાં માણેકસ્થંભ રોપે છે ને કે હવે આ લગ્ન કરશે ને ચારગતિમાં રખડશે ! તેમ અહીં ચારગતિને ટાળવાનો આ માણેકસ્તંભ રોપ્યો છે. અમારે તો પરમાત્મપદ જોઈએ છે તેથી જેણે ભવનો નાશ કર્યો છે ને પરમાત્મા થયા છે તેને અમે નમસ્કાર કરીએ છીએ, કારણ કે અમારે પરમાત્મપદ સિવાય કાંઈ જોઈતું નથી. સ્વર્ગ પણ જોઈતું નથી. દેહ પણ જોઈતો નથી ને ભવ પણ જોઈતો નથી ને આ અપૂરણ દશા પણ જોઈતી નથી, અમારે તો પૂરણ પરમાત્મપદ જોઈએ છે એવી જેને ઝંખના છે તે, જેમને પરમાત્મપદ પ્રગટ થયું છે તેને નમસ્કાર કરે છે એમ કહીને, જે આત્મા હતા તેણે રત્નત્રયનું આરાધન પર્યાયમાં કર્યું ત્યારે એ સર્વજ્ઞ પરમાત્મપદ પામ્યા એમ વાસ્તવિક સ્થિતિ પણ સાથે બતાવી છે. અનાદિના સિદ્ધ હતા એમ નહીં, વસ્તુ અનાદિથી હતી તેની આરાધના કરીને પૂરણ પર્યાયને પ્રાપ્ત કરી છે. અનંત ગુણવાળું દ્રવ્ય તેની પર્યાયથી આરાધના કરીને પૂરણ પર્યાય પ્રગટ કરી એમ કહીને જીવતત્ત્વ, સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ એમાં સમાડી દીધાં.

આત્મા પોતાના સ્વભાવનું ભાન ન કરીને પોતે પરતંત્ર થાય છે ત્યારે એ પરતંત્રતામાં કર્મ નિમિત્ત છે, પરંતુ તેને કોઈ પરતંત્ર કરાવતું નથી. આ આત્મા પોતાના આનંદ સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષને આધીન થાય ત્યારે એ પોતે જ સ્વયં કર્તા થઈને પરાધીન થાય છે, ત્યારે તેમાં દ્રવ્યકર્મ નિમિત્ત કારણ છે અને પરતંત્ર થાય તેમાં રાગ-દ્વેષ (અશુદ્ધ ઉપાદાન) કારણ છે. રાગ-દ્વેષ થયા એમાં એ આધીન થયો ત્યારે કર્મને આધીન પોતે થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા, વીર્યની હીનતા ને આનંદ, શ્રદ્ધા તથા ચારિત્રગુણની વિપરીતતા એવી જે પરાધીનદશા એ પોતે કરેલી છે, તેને ભાવઘાતિકર્મ કહેવામાં આવે છે.

**જ્યાં નહિ મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;**
**જેની ન હોય પ્રતીત ત્યાં કેમ થાય મન લીન? ૯૬.** –**શ્રી સમાધિતંત્ર**

સંપૂર્ણ રત્નત્રયાત્મક સ્વરૂપ દ્વારા દ્રવ્યકર્મ ને ભાવકર્મ સર્વથા નષ્ટ થઈ જવાથી નિર્મળ નિશ્ચયરૂપ ચૈતન્યસ્વભાવની પ્રાપ્તિ ભગવાનને થઈ છે. આવા પરમાત્માના ગુણસ્મરણની તો વાત શું કરવી પણ એનું નામગ્રહણ પણ સારું છે. પરતંત્રતાનું જે નિમિત્ત હતું એવા દ્રવ્યકર્મ ને ભાવકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન ને અનંત આનંદ પ્રગટ થયા છે એવા પરમાત્માને-અન્યમતમાં કહે છે તેવા પરમાત્માને નહીં પણ પરમાત્માને ઓળખીને હું વંદન કરું છું, આમને આમ આંધળા નમસ્કાર કરતો નથી એમ કહે છે.

ભગવાન પરમાત્માએ પોતાના પુરુષાર્થ વડે કર્મનો નાશ કરી-જડકર્મ ને ભાવકર્મનો નાશ પોતાના પુરુષાર્થ વડે કરીને પૂરણદશા પ્રગટ કરી છે એવા પરમાત્માને હું શુભભાવથી વંદન કરું છું. ભગવાનને વંદનનો ભાવ એ કાંઈ શુદ્ધભાવ નથી. શુભભાવ છે. પણ પોતાની પૂરણદશા પ્રગટ કરવી છે એવા ધર્માત્માને, જેને પૂરણદશા પ્રગટી છે એવા પરમાત્માને વંદનનો શુભભાવ આવ્યા વિના રહે નહીં. ૧.

स्वयं स्वाभावाप्ति... એ શબ્દ પહેલા શ્લોકમાં સાંભળીને શિષ્યને પ્રશ્ન થયો કે આત્માને સ્વયં જ અષ્ટગુણોની પ્રાપ્તિ થાય છે. તેમાં બીજું કાંઈ સાધન જોઈએ કે નહીં ? જે શક્તિમાં ગુણો હતા તેની પરમાત્માએ પર્યાયમાં પ્રગટરૂપ સ્વયં પ્રાપ્તિ કરી છે, અભિવ્યક્તિ કરી છે. એમ સાંભળીને શિષ્ય પ્રશ્ન પૂછે છે કે મહારાજ અમને દૃષ્ટાંતથી સમજાવો કે સ્વસ્વરૂપની સ્વયં કેવી રીતે પ્રાપ્તિ થઈ ? દાખલા વિના સિદ્ધાંત શી રીતે સિદ્ધ થાય ? માટે આપ અમને દાખલાથી સમજાવો કે ભગવાનને સ્વસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થઈ ? જેનો સિદ્ધાંત હોય તેનો કોઈ વ્યવહાર-દાખલો તો હોય ને ? જેનો દાખલો નથી તે કથનને કઈ રીતે ઠીક ગણી શકાય ? તેથી શિષ્યના સમાધાન માટે બીજો કળશ કહે છે.

(ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ)　　　　(નિયમસાર પ્રવચન)

બંધ-મોક્ષ છે. આ પ્રમાણે બંધ-મોક્ષ રહિત ત્રિકાળ એકરૂપ નિરપેક્ષ અસલી વસ્તુને જાણવી તે નિશ્ચયનય અને અવસ્થામાં બંધ-મોક્ષ જેમ હોય તેમ જાણવું તે વ્યવહારનય છે. વિકારને 'અવસ્થામાં છે' એ રીતે જાણવું તે દોષ નથી, પણ વિકાર મારું સ્વરૂપ છે— એમ માનવું તે દોષ છે. અવસ્થામાં વિકાર છે ખરો, જો અવસ્થામાં વિકાર ન જ હોય તો પરમાનંદ દશાનો પ્રગટ અનુભવ હોય અને આ કાંઈ કરવાનું રહે નહિ. તથા જો તે અવસ્થાનો વિકાર વસ્તુસ્વરૂપમાં હોય તો તે કદી ટળી શકે નહિ. આ રીતે ત્રિકાળી વસ્તુ અને વર્તમાન અવસ્થા જેમ છે તેમ બંનેને જાણવી તે પ્રમાણજ્ઞાન છે.　　(ક્રમશઃ)❋



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

વિકારી પર્યાય ક્ષણિક ઉપાધિ છે, તેને પોતાનું સ્વરૂપ માન્યું છે. જડ ઈન્દ્રિયો પાંચ છે, તે મારી છે ને હું તેનો સ્વામી છું, ઈન્દ્રિયોની ક્રિયા હું કરી શકું છું—એમ માને છે. મન જડ છે તેને પોતાનું માને છે, વાણી જડ છે છતાં હું વાણી બોલી શકું છું એમ માની વચનને પોતાનું સ્વરૂપ માને છે. મનુષ્ય આદિ ગતિને પોતાની માને છે. કર્મ-નોકર્મને પોતાનાં માને છે, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ ને અન્ય જીવ આદિ જેટલી પરવસ્તુ છે તે સર્વને પોતાની કરી જાણે છે. દેવ-ગુરુ અન્ય જીવ છે, પોતાથી જુદા છે. "સ્ત્રી તથા કુટુંબના માણસના આત્મા અમને અનુકૂળ છે, દેવ-ગુરુ અમને તારી દેશે ને શાસ્ત્ર અમને જ્ઞાન આપશે."—એમ અજ્ઞાની માને છે. શાસ્ત્ર જડ છે તેનાથી જ્ઞાન માને છે પણ પોતે જાણનાર છે માટે પોતાથી જ્ઞાન થાય છે તેમ માનતો નથી. પર વસ્તુથી લાભ થાય એમ માનનાર પરને પોતાની વસ્તુ માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે. શરીરને સારું રાખવું, વચનનો સદુપયોગ કરવો એમ માને છે. વચનથી ક્રોધ કે ક્ષમા થતા નથી, કારણ કે વચન જડ છે, છતાં તે બધાને પોતાથી એકમેક માને છે.

આત્મા પોતે જીવતો છે, તેને જીવાડવો શું ને મારવો શું ? શરીર, વાણી, અચેતન—મરી ગયેલાં છે. તેને મારવાં શાં ? સાચો જીવ પોતાના પ્રાણથી જીવે છે છતાં મેં તેને જીવાડ્યો—એમ અજ્ઞાની માને છે. આવો મિથ્યાદૃષ્ટિ જીવ ગમે તેટલાં વ્રત-તપ કરે તોપણ વૃથા છે. કોણ કોને મારે ને કોણ કોને બચાવે ? વળી કોણ કોને સમજાવે ? જીવ પોતે સમજનાર છે, તેથી તેને સમજાવવાનું રહેતું નથી ને જડમાં જ્ઞાન નથી તેથી તેને સમજાવવાનું રહેતું નથી. અજ્ઞાનીને લાગે છે કે વાણીને લીધે હું સમજું છું, પણ દરેક જીવ પોતાથી સમજે છે—એમ તે સમજતો નથી.

અજ્ઞાની માને છે કે પરની વ્યવસ્થા હું કરી શકું છું. તેને નવતત્ત્વની ખબર નથી. અજીવ સ્વયંસિદ્ધ તત્ત્વ છે, તેને જીવ રાખી શકે ? ના. જે હોય તેને રખાય નહીં ને જે ન હોય તેને રખાય નહીં. અજ્ઞાની પર વસ્તુને પોતાની જાણે છે ને પોતાને પર માને છે.

ભિન્ન પરાત્મા સેવીને તત્સમ પરમ થવાય;
ભિન્ન દીપને સેવીને બત્તી દીપક થાય. ૯૭. —શ્રી સમાધિતંત્ર

પુસ્તકથી જ્ઞાન માને, વાણીથી જ્ઞાન માને, તેમ માનનાર પોતાને પર માને છે.

પોતે સર્વજ્ઞશક્તિવાળો જીવ છે, છતાં પર મારા ને હું એનો, —એ માન્યતામાં રોકાઈ ગયો છે. શરીર, મન, વાણી રૂપી છે ને હું જ્ઞાનસ્વરૂપ અરૂપી છું—એવી પ્રતીતિ આવતી નથી. પરથી મને ખ્યાલ આવ્યો ને હું તેને મદદ કરું—આવી ભ્રમણાથી રાગમાં રોકાઈ ગયો. જે દયા-દાનાદિની વૃત્તિ ઉઠે છે તે મારા સ્વભાવમાંથી આવે છે—એમ માને છે. પર વસ્તુને પોતારૂપ જાણે છે ને પોતાને પર જાણે છે, એમ માનવાથી જે જ્ઞાન સર્વશક્તિવાળું હતું તેમાં (પર્યાયમાં) અજ્ઞાનરૂપ વિકાર થયો, પરથી પોતાને લાભ-નુકશાન માન્યું ને પોતાથી પરને લાભ-નુકશાન માન્યું, તે પોતાના જ્ઞાનમાં વિકાર થયો.

એ જ પ્રમાણે જીવનો દર્શનગુણ છે. પરવસ્તુને મારી કરી દેખે છે, વળી આંખથી દેખાય એમ માને છે, પણ પોતાથી દેખાય છે—એમ માનતો નથી. જેટલા પરવસ્તુના ભેદ છે તે સર્વને પોતારૂપ કરી દેખે છે. આપણે ધ્યાન રાખીએ તો છોકરા સરખાં ભણે—એમ માને છે. તેની પર્યાય તેના કાળે થશે તેમાં જીવનો રાગ નિમિત્તમાત્ર છે. પણ પોતાથી પરમાં કાર્ય માને છે. વેપારી માને કે મારાથી દુકાનનું કામ ચાલે છે, તે મૂઢ છે. તેની પર્યાય જડથી થાય છે, આત્માથી કદી થઈ નથી, થતી નથી ને થશે નહીં. હું છું તો પરની રક્ષા થાય, પૈસાની રક્ષા થાય—એમ માને છે પરની પર્યાય પોતાથી થાય એમ માને તે પોતાની પર્યાય પરથી થાય—એમ માને છે. આમ એ સર્વ હું છું, પોતાને પરમાં દેખે છે તે પોતામાં પરને દેખે છે. લોકાલોક દેખવાની દર્શનશક્તિ છે તે શક્તિ અદર્શનરૂપ થઈ ગઈ છે, દર્શનપર્યાયમાં હીણો થયો છે— આમ અનાદિકાળથી વિકારરૂપ થયો છે. કર્મના ઉદયને લીધે જ્ઞાન અથવા દર્શન હીણું થયું એમ કહ્યું નથી, પોતે પરમાં મમતાભાવ કર્યો માટે હીણું થયું છે. એક ચીજ બીજી ચીજને લાભ-નુકશાન કરે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. મારું જ્ઞાન મારાથી થાય છે ને પરની ક્રિયા પરથી થાય છે એમ ન માનતાં પરની ક્રિયા મારાથી થાય છે ને મારું જ્ઞાન પરથી થાય એમ માનવું તે હીણી દશાનું કારણ છે.

હવે જીવનો સમ્યક્ત્વગુણ હતો તેને અઠીક કરી જીવના ભેદોને અજીવમાં ઠીકપણે કરે છે  જે ચેતન ચીજ છે તેનાં જ્ઞાન, દર્શન ને આનંદ તેના કારણે થાય છે, છતાં તેની ચેતનતા પરથી આવે અથવા પુસ્તક, વાણીથી આવે એમ માને તે ચેતનને અચેતન માને છે. હું નિમિત્ત થાઉં તો બીજો જીવ સમ્યગ્દર્શન ને જ્ઞાન પામે—એમ માને

**અથવા નિજને સેવીને જીવ પરમ થઈ જાય;**
**જેમ વૃક્ષ નિજને મથી પોતે પાવક થાય. ૯૮.** **–શ્રી સમાધિતંત્ર**

છે. તે બીજા જીવને ચૈતન્યગુણવાળો માનતો નથી. આમ ચેતનને અચેતન માને છે.

વળી હું જેવી ઈચ્છા કરીશ તેવું વાણીનું પરિણમન થશે ને મારાથી શરીરની ક્રિયા થશે.—એમ માને છે તે અચેતનને ચેતન માને છે. શરીરાદિની ક્રિયા બધો અજીવનો ખેલ છે. હું પરજીવને જીવાડું ને સુખી કરી દઉં—એ માન્યતા ચેતનને અચેતન માનવા બરાબર છે.

પુણ્ય-પાપ વિભાવ છે તેને સ્વભાવ માને છે. પુણ્ય-પાપ ઉદયભાવ છે, તેના વડે સમ્યગ્દર્શન થશે એમ માને છે—તે ઊંધી માન્યતા છે. દર્શનમોહનીય કર્મનો ઉદય આવ્યો માટે મિથ્યાત્વ થયું—એમ કહ્યું નથી, પોતે પોતાના સ્વભાવને ચૂકે છે ને વિભાવને પોતાના માને છે તે મિથ્યાદર્શન છે. તેમાં કર્મ નિમિત્તમાત્ર છે. સ્વભાવનું રક્ષણ નહીં કરતાં વિભાવનું રક્ષણ કરવું મિથ્યાભાવ છે. પુણ્ય-પાપની વૃત્તિ વિભાવ છે, તેને ત્રિકાળી સ્વભાવ માને છે અથવા વિભાવથી ક્રમેક્રમે ધર્મ થશે—એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

પોતામાં સમ્યક્ત્વગુણ છે. તેની વિપરીત અવસ્થા પોતાની ઊંધી માન્યતાથી થાય છે. દ્રવ્ય શું છે તે પ્રતીતિમાં આવતું નથી, પણ વિભાવ ખ્યાલમાં આવે છે. દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ ત્રિકાળ છે ને વિભાવ અનિત્ય પર્યાય છે. વિભાવ જેટલો જ પોતાને જે માને છે તે સ્વભાવને વિભાવ માને છે.

પોતે ત્રિકાળી દ્રવ્ય છે, તેની જેને ખબર નથી તે દ્રવ્યને અદ્રવ્ય માને છે. દ્રવ્યમાંથી પર્યાય વહે છે, દ્રવ્યત્વગુણની પ્રધાનતાથી દ્રવ્ય કહેવાય છે. અનંત ગુણોનો પિંડ જે દ્રવ્ય છે તેને નહિ માનતાં પર્યાય જેટલું જ માનવું તે દ્રવ્યને અદ્રવ્ય માનવા બરાબર છે. પરની પર્યાય મારાથી થાય એમ માને તેને દ્રવ્યની ખબર નથી. આવા જીવની દૃષ્ટિમાં મૂળમાં ભૂલ છે.

ગુણ ત્રિકાળી સ્વભાવ છે, તેને અવગુણ માને છે. ''ગુણમાં તાકાત હોય તો વિકાર ટળવો જોઈએ ને ? અમને આનંદસ્વભાવ ભાસતો નથી, પણ અમને તો વિકાર દેખાય છે''—એમ ગુણને અવગુણ માને છે.

પ્રતિમાથી જ્ઞાન થયું, શ્રવણથી જ્ઞાન થયું—એમ માનનાર જ્ઞાનને પોતાનું માનતો નથી. તે જ્ઞાન તથા જ્ઞેયને ભિન્ન માનતો નથી. વળી જ્ઞેયને જ્ઞાન માને છે, શરીર, મન, વાણી તે જ્ઞેય છે, છતાં તેને પોતાનાં માનવાં તે જ્ઞેયને જ્ઞાન માનવા સમાન છે.

વળી પોતાને પર માને છે. નોકર શેઠને કહે કે—તમારા આધારે જીવું છું, પણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**એમ નિરંતર ભાવવું પદ આ વચનાતીત;**
**પમાય જે નિજથી જ ને પુનરાગમન રહિત. ૯૯. —શ્રી સમાધિતંત્ર**

## જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## સમ્યગ્દર્શન વગર બધું કર્યું...પણ તેથી શું ?

**(આત્મ-અનુભવ પ્રગટ કરવાનો ઉપાય બતાવતું સમયસાર ગાથા ૧૪૨ ઉપરનું એક સુંદર વ્યાખ્યાન)**

'હું અબંધસ્વરૂપ છું' એવા વિચારોનું અવલંબન તે નિશ્ચયનયનો પક્ષ (રાગ) છે અને 'હું બંધાયેલો છું' એવા વિચારનું અવલંબન તે વ્યવહારનો પક્ષ (રાગ) છે. આ નયપક્ષબુદ્ધિ તે મિથ્યાત્વ છે. આ વિકલ્પરૂપ નિશ્ચયનયનો પક્ષ જીવે પૂર્વે અનંતવાર કર્યો છે, પરંતુ સ્વભાવના આશ્રયરૂપ નિશ્ચયનય જીવને કદી પ્રગટ્યો નથી. સમયસારની ૧૧મી ગાથાના ભાવાર્થમાં કહ્યું છે કે 'જીવને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી' ત્યાં 'શુદ્ધનયનો પક્ષ', કહ્યો છે તે મિથ્યાત્વરૂપ કે રાગરૂપ નથી, કેમ કે ત્રિકાળ શુદ્ધસ્વભાવનો આશ્રય કરવો તેને જ ત્યાં 'શુદ્ધનયનો પક્ષ' કહ્યો છે અને તે જ સમ્યગ્દર્શન છે. ત્યાં જેને શુદ્ધનયનો પક્ષ કહ્યો છે તેને અહીં 'નયાતિક્રાંત' કહેલ છે, અને તે મુક્તિનું કારણ છે; તથા અગીયારમી ગાથામાં 'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિથી જ છે' એમ કહ્યું છે; ત્યાં જેને ભેદરૂપ વ્યવહારનો પક્ષ કહ્યો છે તેમાં, આ ગાથામાં કહેલા બંને પક્ષનો સમાવેશ થઈ જાય છે. નિશ્ચયનયના વિકલ્પનો પક્ષ કરવો તે પણ ભેદરૂપ વ્યવહારનો જ પક્ષ છે, માટે તે પણ મિથ્યાત્વ છે. જેવો શુદ્ધસ્વભાવ છે તેવા સ્વભાવનો આશ્રય કરવો તે સમ્યગ્દર્શન છે, પણ 'શુદ્ધસ્વભાવ છું' એવા વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ છે. આત્મા રાગસ્વરૂપ છે એમ માનવું તે તો વ્યવહારનયનો પક્ષ છે—સ્થૂળ મિથ્યાત્વ છે; અને 'આત્મા શુદ્ધસ્વરૂપ છે' એવા વિકલ્પમાં અટકવું તે વિકલ્પાત્મક નિશ્ચયનયનો પક્ષ છે—રાગનો પક્ષ છે. શ્રી આચાર્યદેવ કહે છે કે 'હું શુદ્ધ છું' એવા વિકલ્પના અવલંબને આત્માનો વિચાર કર્યો તેથી શું? આત્માનો સ્વભાવ તો વચન અને વિકલ્પાતીત છે. આત્મા શુદ્ધ ને પરિપૂર્ણ સ્વભાવી છે, તે સ્વભાવ પોતાથી જ છે, પણ શાસ્ત્રના આધારે કે વિકલ્પના આધારે તે સ્વભાવ નથી; અને તેથી તે સ્વભાવનો અનુભવ (નિર્ણય) કરવા માટે કોઈ શાસ્ત્રના લખાણના કે વિકલ્પના આશ્રયની જરૂર નથી, પણ સ્વભાવના જ આશ્રયની જરૂર છે. સ્વભાવનો અનુભવ કરવા જતાં 'હું શુદ્ધ છું' ઈત્યાદિ વિકલ્પ આવી જાય છે, પરંતુ તે

> **ચેતન ભૂતજ હોય તો મુક્તિ અયત્ન જ હોય,**
> **નહિ તો મુક્તિ યોગથી, યોગીને દુખ નો'ય. ૧૦૦.** —**શ્રી સમાધિતંત્ર**

વિકલ્પમાં અટકે ત્યાં સુધી અનુભવ થતો નથી, જો તે વિકલ્પ તોડીને નયાતિક્રાંત થઈને સ્વભાવનો આશ્રય કરે તો સમ્યક્નિર્ણય ને અનુભવ થાય; તથા તે જ ધર્મ છે.

જેમ તિજોરીમાં પડેલા લાખ રૂપિયા હિસાબ-નામાની અપેક્ષાથી કે ગણતરીના વિચારને લીધે ટકેલા નથી, પણ જેટલા રૂપિયા છે તે સ્વયં જ છે; તેમ આત્મસ્વભાવનો અનુભવ શાસ્ત્રના આધારે નથી તેમ જ તેના વિકલ્પ વડે પણ થતો નથી. અનુભવ તો સ્વભાવના જ આશ્રયે છે. ખરેખર સ્વભાવ અને સ્વભાવની અનુભૂતિ અભેદ થવાથી એક જ છે, જુદાં નથી. અને જેમ કોઈ પાસે રૂપિયાની મૂડી હોય નહિ પણ માત્ર નામું લખ્યા કરે ને વિચાર કર્યા કરે, તેથી કાંઈ તેની પાસે મૂડી થઈ જાય નહિ, તેમ આત્મસ્વભાવના આશ્રય વગર, માત્ર શાસ્ત્ર વાંચવાથી કે આત્માસંબંધી વિકલ્પ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે નહિ.

'શાસ્ત્રોમાં આત્માનો સ્વભાવ સિદ્ધ જેવો શુદ્ધ કહ્યો છે' એમ માત્ર શાસ્ત્રોથી માને તેને યથાર્થ નિર્ણય નથી, શાસ્ત્રોમાં કહ્યું છે માટે આત્મા શુદ્ધ છે—એમ નહિ; આત્માનો સ્વભાવ શુદ્ધ છે તેને શાસ્ત્રોની અપેક્ષા નથી. માટે સ્વભાવના જ આશ્રયે સ્વભાવનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે.

આત્મસ્વભાવને અનુભવ્યા વગર કર્મગ્રંથો ભણે તેથી શું?—અને અધ્યાત્મગ્રંથો વાંચી જાય તો તેથી પણ શું? એ કોઈ કાર્યથી આત્માનો ધર્મ થતો નથી. આત્મા કર્તા છે, તે કેવું કર્મ કરે (અર્થાત્ કેવું કાર્ય કરે) તો તેને ધર્મ થાય તે આ કર્તા-કર્મ અધિકારમાં બતાવ્યું છે. આત્મા જડકર્મ બાંધે અને કર્મો આત્માને નડે એ વાત તો અહીં છે જ નહિ. પરંતુ 'હું શુદ્ધ છું' એવો જે મનનો વિકલ્પ તે પણ ધર્માત્માનું કાર્ય નથી. પણ સ્વભાવનો અનુભવ સ્વભાવના જ આશ્રયથી થાય છે, માટે શુદ્ધસ્વભાવનો આશ્રય તે જ ધર્માત્માનું કાર્ય છે.

'આત્મા શુદ્ધ છે, રાગ મારું સ્વરૂપ નથી' એવા રાગરૂપ વિચારનું અવલંબન પણ સમ્યગ્દર્શનમાં નથી, તો પછી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ વગેરેથી સમ્યગ્દર્શન થાય એ વાત ક્યાં રહી? અને પુણ્ય કરતાં કરતાં આત્માની ઓળખાણ થઈ જાય, કે સારા નિમિત્તના અવલંબનથી આત્માને ધર્મમાં મદદ મળે—એવી સ્થૂળ મિથ્યામાન્યતા તો સમ્યગ્દર્શનથી ઘણી દૂર છે. દયા, દાન, ભક્તિ, વ્રત, ઉપવાસ, સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રની

> **સ્વપ્ને દષ્ટ વિનષ્ટ હો પણ જીવનો નહિ નાશ;**
> **જાગૃતિમાં પણ તેમ છે, ભ્રમ ઉભયત્ર સમાન. ૧૦૧.** —**શ્રી સમાધિતંત્ર**

શ્રદ્ધા, જાત્રા, શાસ્ત્રનું જાણપણું—એ બધા ખરેખર રાગના રસ્તા છે, તે કોઈના આશ્રયે આત્મસ્વભાવનો નિર્ણય થતો નથી, કેમ કે આત્મસ્વભાવનો નિર્ણય તો અરાગી શ્રદ્ધા-જ્ઞાનરૂપ છે; વીતરાગી ચારિત્રદશા પ્રગટ્યા પહેલાં વીતરાગી શ્રદ્ધા ને વીતરાગી જ્ઞાનવડે સ્વભાવનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે અને એવો અનુભવ કરનાર જીવ જ 'સમયસાર' છે. એવો અનુભવ પ્રગટ ન કર્યો અને ઉપર જણાવેલ દયા, દાન, ભક્તિ, વ્રત, જાત્રા વગેરે બધું કર્યું, તો તેથી શું?—એવું તો અભવ્ય જીવ પણ કરે છે.

પ્રશ્ન :—'સમ્યગ્દર્શન વગર વ્રત, તપ, દાન, ભક્તિ વગેરે કર્યાં; તેથી શું?'—એમ 'તેથી શું—તેથી શું?' કહીને તે બધાને ઉડાડો છો અર્થાત્ તે દયાદિમાં ધર્મ મનાવતા નથી; તો અમે પૂછીએ છીએ કે આત્માની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, તેથી શું? શું માત્ર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેમાં જ બધું આવી ગયું?

ઉત્તર :—ભાઈ, સમ્યગ્દર્શન થયું તેમાં જ આખો આત્મા આવી જાય છે. સમ્યગ્દર્શન થતાં પરિપૂર્ણ આત્મસ્વભાવનો અનુભવ થાય છે; અનંતકાળે નહિ થયેલી એવી અપૂર્વ આત્મશાંતિનું વેદન વર્તમાનમાં થાય છે. જેવો આનંદ સિદ્ધ ભગવાનનો છે તેવી જ જાતના આનંદનો અંશ પોતાને વર્તમાનમાં અનુભવાય છે. સમ્યગ્દર્શન થતાં અલ્પકાળમાં તે જીવ સિદ્ધ થવાનો જ. વર્તમાનમાં જ પોતાના પરિપૂર્ણ સ્વભાવને પામીને સમ્યગ્દૃષ્ટિ કૃતકૃત્ય થઈ જાય છે, અને પર્યાયમાં ક્ષણે ક્ષણે વીતરાગી આનંદની વૃદ્ધિ થતી જાય છે. સ્વપ્ને પણ તેઓ પરપદાર્થને પોતાનું માનતા નથી, ને પરમાં કે વિકારમાં તેમને સુખબુદ્ધિ હોતી નથી. આવું અપાર માહાત્મ્ય સમ્યગ્દર્શનનું છે. એ સમ્યગ્દર્શન જ આત્માના ધર્મનું મૂળ છે. માટે જ્ઞાનીઓ કહે છે કે એ સમ્યગ્દર્શન વગર જીવે બધું કર્યું, તેથી શું? સમ્યગ્દર્શન વગર બધું થોથાં છે, રણમાં પોક સમાન છે, એકડા વગરના મીંડા સમાન છે. એ સમ્યગ્દર્શન કોઈપણ પરના આશ્રયે કે વિકલ્પના અવલંબને થતું નથી, પણ પોતાના શુદ્ધાત્મસ્વભાવના જ આશ્રયે થાય છે. સ્વભાવનો આશ્રય કરતાં જ વિકલ્પનો આશ્રય છૂટી જાય છે. પણ વિકલ્પના લક્ષે વિકલ્પનો આશ્રય ટાળવા માગે તો ટળી શકે નહિ.

ધર્મી જીવનો ધર્મ સ્વભાવના આશ્રયે ટકેલો છે, તેના સમ્યગ્દર્શનાદિ ધર્મને કોઈ પરનો આશ્રય નથી. આમ હોવાથી ધર્મી જીવને પૈસા-મકાન વગેરેનો સંયોગ ન હોય તો

**અદુઃખભાવિત જ્ઞાન તો દુખ આવ્યે ક્ષય થાય;**
**દુઃખ સહિત ભાવે સ્વને યથાશક્તિ મુનિરાય. ૧૦૨.　　—શ્રી સમાધિતંત્ર**

તેથી શું? અને ઘણા શાસ્ત્રોનું જ્ઞાન ન હોય, તો તેથી શું? ધર્મી જીવને તે ન હોય તેથી કાંઈ તેના ધર્મને વાંધો આવતો નથી. કેમ કે ધર્મીનો ધર્મ કોઈ પરના આશ્રયે, રાગના આશ્રયે કે શાસ્ત્રના જાણપણાના આશ્રયે ટકેલો નથી પણ પોતાના ત્રિકાળી સ્વભાવના જ આધારે ધર્મીનો ધર્મ પ્રગટ્યો છે, તેના જ આધારે ટક્યો છે ને તેના જ આધારે વૃદ્ધિગત થઈને પૂર્ણતા થાય છે.

એક માત્ર સમ્યગ્દર્શન સિવાય જીવ અનંતકાળમાં બધું કરી ચૂક્યો છે, પણ સમ્યગ્દર્શન કદી એક સેકંડ માત્ર પણ પ્રગટ કર્યું નથી. જો એક સેકંડ માત્ર પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેની મુક્તિ થયા વગર રહે નહિ. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (વૈરાગ્ય ભાવના)

દેહની ક્રિયા તો દેહના કારણે જ થાય છે પરંતુ દેહ અને જીવનો સંયોગ હોવાથી લોકોને જીવ અને દેહની એકતા જ ભાસે છે. જીવ અને દેહ ભિન્ન છે—એમ તેને ભાસતું નથી. આ કારણે દેહની ક્રિયા જાણે જીવ જ કરતો હોય—એમ અજ્ઞાનથી ભાસે છે.

આશ્ચર્ય આ છે કે લોકો દેહ અને જીવને અલગ તો જાણતા નથી પરંતુ બંને મળેલા જ જોવા મળે છે. સંયોગી કાર્યોની પ્રવૃત્તિ દેખાય છે, માટે તે બંનેને એક જ માને છે પરંતુ તે બંને ભિન્ન છે. જીવ તો જાણવા-દેખવાની ક્રિયાનો કર્તા છે અને શરીરની ક્રિયાનો કર્તા જડ છે. આ પ્રમાણે અજ્ઞાનીને બંનેની ભિન્નતા જણાતી નથી. જુઓ, લોકમાં મુખ્ય દ્રવ્ય જીવ છે. માટે સૌ પ્રથમ જીવની જ વાત કરવામાં આવી છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

જડ જડથી ટકે છે, ચૈતન્ય ચૈતન્યથી ટકે છે. જેની સત્તા ભિન્ન છે, તેની સાથે આધાર-આધેય સંબંધ હોઈ શકે નહિ. વળી જ્ઞેયને પોતાનો આધાર માને છે, શરીર આત્માના આધારે ટકે છે એમ માને છે, પણ શરીર શરીરના કારણે રહે છે, આત્માને લીધે રહેતું નથી. જડની પર્યાય જડના આધારે રહે છે, છતાં આત્માને લીધે રહે છે—એમ માનવું તે પાખંડભાવ છે. શરીર શરીરના કારણે રહે છે, આયુકર્મ નિમિત્તમાત્ર છે. આયુનાં સ્વચતુષ્ટય ને શરીરનાં સ્વચતુષ્ટય જુદાં જુદાં છે. આયુને લીધે જીવે છે એવું કથન નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવા માટે છે. આત્મા ચિદાનંદની દૃષ્ટિ કર્યા વિના શરીરના વિયોગે હું મર્યો ને શરીરના સંયોગે હું જીવ્યો—એમ માનવું તે ભ્રાંતિ છે.

એ રીતે સર્વ વિપરીતતા અજ્ઞાની અનાદિથી કરે છે, તેથી જીવનો સમ્યક્‌ગુણ મિથ્યાત્વરૂપ પરિણમ્યો છે. (ક્રમશઃ)

## મુમુક્ષુની વિચારણા

હે જીવ! તને એમ અંતરમાં લાગવું જોઈએ કે આત્માને ઓળખ્યા વગર છૂટકો નથી. આ અવસરમાં જો હું મારા આત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ નહિ કરું તો મારો ક્યાંય છૂટકારો નથી. અરે જીવ! વસ્તુના ભાન વગર તું ક્યાં જઈશ? તને સુખશાંતિ ક્યાંથી મળશે? તારું સુખશાંતિ તારી વસ્તુમાંથી આવશે કે બહારથી? તું ગમે તે ક્ષેત્રે જા. પણ તું તો તારામાં જ રહેવાનો, અને પરવસ્તુ પરવસ્તુમાં જ રહેવાની. પરમાંથી ક્યાંયથી તારું સુખ નથી આવવાનું. સ્વર્ગમાં જઈશ તો ત્યાંથી પણ તને સુખ નથી મળવાનું. સુખ તો તને તારા સ્વરૂપમાંથી જ મળવાનું છે. માટે સ્વરૂપને જાણ તારું સ્વરૂપ તારાથી કોઈ કાળે જુદું નથી, માત્ર તારા ભાનના અભાવે જ તું દુઃખી થઈ રહ્યો છે. તે દુઃખ દૂર કરવા માટે ત્રણે કાળના જ્ઞાનીઓ એક જ ઉપાય બતાવે છે કે “આત્માને ઓળખો.”

આ પ્રમાણે અંતર્વિચારણા દ્વારા મુમુક્ષુ જીવ પોતામાં સમ્યગ્દર્શનની લગની લગાડીને પોતાના આત્માને તેના ઉદ્યમમાં જોડે છે.

## ❀ ભેદવિજ્ઞાનનો ઉલ્લાસ ❀

જે ચૈતન્યનું લક્ષણ નથી એવી સમસ્ત બંધભાવની લાગણીઓ મારાથી ભિન્ન છે—એમ બંધભાવથી ભિન્ન સ્વભાવનો નિર્ણય કરતાં ચૈતન્યને તે બંધભાવની લાગણીઓનો આધાર રહેતો નથી, એકલા આત્માનો જ આધાર રહે છે. આવા સ્વાશ્રયપણાની કબૂલાતમાં ચૈતન્યનું અનંતવીર્ય આવ્યું છે. પોતાની પ્રજ્ઞાશક્તિ દ્વારા જેણે બંધરહિત સ્વભાવનો નિર્ણય કર્યો તેને સ્વભાવની હોંશ અને પ્રમોદ આવે કે અહો! આ ચૈતન્યસ્વભાવ પોતે ભવરહિત છે, મેં તેનો આશ્રય કર્યો તેથી હવે મારે ભવના અંત નજીક આવ્યા અને મુક્તદશાનાં નગારાં વાગ્યાં. પોતાના નિર્ણયથી ચૈતન્યસ્વભાવમાં જે નિઃશંકતા કરે તેને ચૈતન્યપ્રદેશોમાં ઉલ્લાસ થાય અને તેને અલ્પકાળમાં મુક્તદશા થાય જ. (શ્રી સમયસાર—મોક્ષઅધિકારના વ્યાખ્યાનમાંથી)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—રાજા-મહારાજા અને જ્યોર્જ જેવાને પણ એક જ રાણી અને ધર્મી સમ્યગ્દષ્ટિને ૯૬ હજાર રાણીઓ છતાં તેને બંધન નથી?

ઉત્તર :—ભાઈ! બહારના પદાર્થો ઝાઝા હોય તે વધુ બંધનું કારણ ને થોડા હોય તે ઓછું બંધનું કારણ એમ નથી. કોઈને જાડું મોટું શરીર ઘણા પરમાણુ હોય તેને ઘણું બંધન છે અને પાતળું શરીર હોય તેને ઓછું બંધન છે એમ નથી. પરદ્રવ્યો ઝાઝા-થોડા હોવા તે બંધ-અબંધનું કારણ નથી. પરંતુ પરદ્રવ્યોમાં એકત્વબુદ્ધિ-સ્વામિત્વબુદ્ધિ હોવી તે જ એક બંધનું કારણ છે. સંયોગ ઝાઝા-થોડા હોવા તે બંધનું કારણ નથી. સમ્યગ્દષ્ટિને ૯૬ હજાર રાણી, નવ નિધાન, ચૌદ રત્નો આદિ વૈભવો હોવા છતાં ધર્મી તેને પોતાના માનતો ન હોવાથી તે પરદ્રવ્યો ધર્મીને બંધનું કારણ થતાં નથી અને એક રાણીવાળો રાજા હોય કે રાણીઓ ત્યાગીને દ્રવ્યલિંગી મુનિ થયો હોય પણ પરદ્રવ્યોમાં સ્વામીપણું માનનારને મિથ્યાત્વના પાપનો મહાન બંધ થાય છે. અંદરમાં રાગમાં એકત્વબુદ્ધિ પડી છે તે જ બંધનું કારણ છે. સંયોગ વધારે ઓછા આવે તે તો તેના કારણે આવે છે આત્મા તેનો કર્તા નથી. પૂર્વ પુણ્યના કારણે સંયોગો ઘણા આવે પણ તે બંધનું કારણ નથી. પરદ્રવ્યનો સંયોગ ઘણો હોવા છતાં તેનાથી બંધ નથી તેમ કહીને પરદ્રવ્યથી બંધ થવાની શંકા છોડાવી છે, પણ સ્વચ્છંદી થવા માટે કહ્યું નથી. અહીં તો દષ્ટિ અને દષ્ટિના વિષયની વિશેષતા બતાવી છે. ઘણો સંયોગ હોય તેથી નુકશાન છે અને સંયોગ છૂટી ગયો માટે ધર્મનો લાભ થયો છે એમ નથી.

પ્રશ્ન :—જો સમ્યગ્દષ્ટિ જીવ સ્ત્રીને પણ ચૈતન્ય પરમેશ્વર માનતો હોય તો રાગ છોડીને એક તરફ કેમ બેસી જતા નથી?

ઉત્તર :—સ્વભાવદષ્ટિથી તો સમ્યગ્દષ્ટિ એક તરફ જ બેઠા છે. એક તરફ બેસવાની વ્યાખ્યા શું? પર દ્રવ્યમાં તો કોઈ આત્મા બેસતો નથી. અજ્ઞાની જીવ વિકારમાં જ પોતાપણું માનીને વિકારમાં સ્થિત થયો છે. જ્ઞાની ધર્માત્મા જીવો સંયોગથી

> **ઇચ્છાદિજ નિજ યત્નથી વાયુનો સંચાર;**
> **તેનાથી તનયંત્ર સૌ વર્તે નિજ વ્યાપાર. ૧૦૩.** —શ્રી સમાધિતંત્ર

અને વિકારથી પોતાના સ્વભાવને જુદો જાણીને સ્વભાવની એકતામાં સ્થિત છે. જ્ઞાનીને સ્ત્રી આદિ સંબંધી જે રાગ હોય તે રાગથી જુદુ પોતાનું સ્વરૂપ અનુભવે છે, રાગનો આદર કરતા નથી, તેથી ખરેખર જ્ઞાની જીવો પોતાના સ્વભાવમાં જ બેઠા છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને શ્રદ્ધાનમાં શુભાશુભ બન્ને ભાવ હેય છે, તો શું તેને અશુભને છોડીને શુભ કરવાનો વિકલ્પ નથી આવતો?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હુ મોહ-રાગ-દ્વેષ રહિત શુદ્ધ છું. એથી સમ્યગ્દષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બન્ને સરખા છે માટે અશુભ ભલે આવે? સમ્યગ્દષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે.

પ્રશ્ન :—જ્ઞાનીને જે શુભભાવ આવે છે તે અશુભથી બચવા માટે આવે છે, તેનું તાત્પર્ય શું છે?

ઉત્તર :—જ્ઞાનીને જે શુભભાવ આવે છે તે અશુભથી બચવા માટે આવે છે એમ જે કહેવામાં આવે છે તે તો લોકોને જરા સંતોષ થાય તે માટે કહેવામાં આવે છે. ખરેખર તો શુભરાગ તેના આવવાના કાળે જ આવે છે.

પ્રશ્ન :—તો પછી પ્રાયશ્ચિત્ત કેમ કરવામાં આવે છે?

ઉત્તર :—તે બધી કહેવાની વાતો છે, કથનની પદ્ધતિ છે. ખરેખર તો એવો વિકલ્પ આવવાનો કાળ હતો એ જ આવ્યો છે અને વાણી પણ એવી જ નીકળવાની હતી એ જ નીકળી છે. બહુ સૂક્ષ્મમાં જઈએ તો ખરેખર તો શુભ વિકલ્પ અને પ્રાયશ્ચિત્તની વાણી નીકળવી અને ગુરુવાણી નીકળવી તે બધું પુદ્‌ગલનું સ્વાભાવિક કાર્ય છે. આત્માનું કાર્ય નથી, આત્મા તો એકલો જ્ઞાનસ્વભાવી છે.

પ્રશ્ન :—સ્વાનુભવમાંથી વિકલ્પ આવ્યા પછી જ્ઞાતાદષ્ટામાં કાંઈ ફેર પડે?

ઉત્તર :—સ્વાનુભવમાંથી વિકલ્પ આવે ત્યારે પણ કેવળીની જેમ જ્ઞાતાદષ્ટા જ છે. અનુભવમાં કેવળીની જેમ જ્ઞાતાદષ્ટા છે અને વિકલ્પમાં આવે છે ત્યારે પણ જ્ઞાતાદષ્ટા જ છે. વિકલ્પ આવે છે તે પણ છૂટો જ છે. કેવળી પૂર્ણ જ્ઞાતાદષ્ટા છે. આ નીચેવાળો અલ્પ જ્ઞાતાદષ્ટા છે પણ છે તો બન્ને જ્ઞાતાદષ્ટા જ.

જડ નિજમાં તનયંત્રને આરોપી દુખી થાય;
સુજ્ઞ તજી આરોપને લહે પરમપદ-લાભ. ૧૦૪.
–શ્રી સમાધિતંત્ર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પર્યાયમાં અટકેલો છે તેના માટે શું ઉપાય કરવો?

સમાધાન :—જ્ઞાયકની વિશેષ મહિમા લાવે અને જ્ઞાયકમાં જ બધું સર્વસ્વ છે એવી દૃઢતા કરે. બહારમાં સર્વસ્વ નથી, ચૈતન્યમાં બધું સર્વસ્વ છે એમ ભલે પહેલાં બુદ્ધિપૂર્વક વિચાર કરીને નક્કી કરે; પણ પછી અંદરમાંથી પલટો ખાવામાં તેની વિશેષ તૈયારી થવી જોઈએ, તો તેની પરિણતિ પલટો ખાય. બુદ્ધિમાં આવે પણ પરિણતિ જ્યાં સુધી પલટો નથી ખાતી ત્યાં સુધી કચાશ છે. પરિણતિ એકત્વ તરફ ઢળી રહી છે, તે પોતાની કચાશ છે. બુદ્ધિમાં નિર્ણય કરે કે આમાં (આત્મામાં) સુખ છે અને આમાં સુખ નથી. અહીં સુધી પોતે આવે છે, પણ પરિણતિ પલટો ખાતી નથી તે પોતાની કચાશ છે.

જ્ઞાયક તરફ ટકે ક્યારે? પોતાને જ્ઞાયક તરફ રહેવાની જરૂરિયાત લાગે કે આ જ જરૂરિયાતવાળું છે. આમ બીજા તરફથી પાછો હઠે તો થાય. પરિણતિનો પલટો પોતાના પુરુષાર્થથી થાય છે. ગુરુદેવે બધાને જ્ઞાયક ગ્રહણ થાય એવી રીતે ચોખ્ખું કરી દીધું છે. તારું સ્વરૂપ તારામાં છે, બીજું પર તારામાં નથી. આખો માર્ગ ચોખ્ખો કરીને બતાવ્યો છે.

પ્રશ્ન :—આપ વારંવાર કહો છો પણ પરિણતિ આ બાજુ વળતી નથી?

સમાધાન :—પરિણતિ પલટો ખાય તેમાં પુરુષાર્થની તૈયારી કરવી પડે છે.

પ્રશ્ન :—"તત્ પ્રીતિ ચિતેન....." તેનો શું અર્થ કરવો?

સમાધાન :—અંતરની રુચિપૂર્વક જે (શુદ્ધાત્માની) વાર્તા સાંભળે છે તેની પરિણતિ પલટો ખાધા વગર રહેવાની જ નથી. અને તે ભવિષ્યે નિર્વાણનું ભાજન થાય છે. અંતરની રુચિપૂર્વક જેણે વાત પણ સાંભળી છે તેની પરિણતિ પલટો ખાધા વગર રહેવાની નથી. તેનો અર્થ પોતાના પુરુષાર્થપૂર્વક પરિણતિમાં પલટો થવાનો છે. જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે કે મારી પરિણતિ કેમ પલટો ખાય? તેને પુરુષાર્થ કરવાની વર્તમાન ભાવના રહે છે.

પ્રશ્ન :—જિજ્ઞાસુને ભવિષ્યમાં પુરુષાર્થ થશે એવી ઓથ શું ન રહે?

સમાધાન :—ઓથ ન રહે. તેને ભાવના એમ રહે કે કેમ વર્તમાનમાં જ પલટો ખાઉં? કેમ હું પુરુષાર્થ કરું? કેવી રીતે થાય? એવી ભાવના અને લગની લગાડનારને પલટો ખાય છે. ક્યારે પલટો ખાય તે તેની યોગ્યતા પ્રમાણે છે, પણ ભાવના તો એવી રહે છે. કેમ હું પુરુષાર્થ કરું અને ઝટ કેવી રીતે થાય? એમ વર્તમાનમાં જ પુરુષાર્થ કરવાની ભાવના રહે છે.

પ્રશ્ન :—જ્ઞાયકની રુચિ વધે તેમાં જ્ઞાનની સૂક્ષ્મતા આવી જાય?

સમાધાન :—જ્ઞાયકની રુચિ વધે તેને જ્ઞાયકને ગ્રહણ કરવાની સૂક્ષ્મતા થાય છે પણ બીજું જ્ઞાન વધારે થાય તેવો નિયમ નથી.

પ્રશ્ન :—જ્ઞાનીને કર્મનો તીવ્ર ઉદય આવે ત્યારે શું શંકા નહિ પડતી હોય કે મારો નિર્ણય પલટી તો નહિ જાય ને?

સમાધાન :—તેને શંકા પડતી જ નથી, તેની સહજધારા જુદી જ રહે છે. જે ક્ષણે વિકલ્પ આવે તે ક્ષણે પણ જ્ઞાયકની ધારા રહે છે, પછી તેને યાદ કરવું પડતું નથી. પોતાનું–જ્ઞાયકનું–અસ્તિત્વ ગ્રહણ થયું તે જ્ઞાયકની જોરદાર પરિણતિ તેની સાથે રહે છે, તેથી વિકલ્પમાં તન્મય થતો જ નથી, ન્યારો રહે છે. વિકલ્પ આવે છતાં તે ન્યારો રહીને આવે છે. પોતાના સહજ અસ્તિત્વની–જ્ઞાયકની– પરિણતિપૂર્વક તે વિકલ્પ હોય છે અને તે જુદો રહે છે. તેમાં શંકા પડતી જ નથી.

પ્રશ્ન :—ધારણાજ્ઞાન સુધી આવે છે, સમજણમાં પણ બેસે છે, પણ પરિણતિ બદલાતી નથી, તો તેનો કોઈ ઉપાય?

પ્રશ્ન :—જે એકત્વબુદ્ધિની પરિણતિ થઈ રહી છે તે પરિણતિને ન્યારી કરતો નથી. નિર્ણય થઈ ગયો છે કે આ હું જુદો જ છું, જ્ઞાયક છું. પણ ક્ષણે ક્ષણે જે વિકલ્પોની સાથે એકત્વબુદ્ધિ કરી રહ્યો છે–એકત્વ થઈને પરિણમી રહ્યો છે–તે એકત્વને તોડતો નથી એટલે પરિણતિ બદલાતી નથી. એકત્વ તોડવાનો પ્રયાસ કરે તો તે પ્રયાસ પહેલાં અભ્યાસરૂપે થઈ શકે છે. એકત્વબુદ્ધિ તોડવાનો અભ્યાસ ચાલે છે તો પણ એકત્વબુદ્ધિની પરિણતિ થઈ રહી છે. તે સ્થિતિમાં સહજ નથી એટલે વિચાર કરવો પડે છે કે હું જુદો છું. એમ વિચારપૂર્વકનો અભ્યાસ હોય છે, સહજ નથી. સ્વાનુભૂતિ થાય ત્યારે જ સહજ થાય છે.

## બાળ વિભાગ

# મહાન ભાવપરિવર્તક બહુરૂપી બ્રહ્મગુલાલ

પ્રિય વાચકો ! તમે એક રૂપને જોઈને વિચારમાં નહીં પડી જતા. એક ક્ષણમાં તે જ રૂપ બદલાઈને બીજું સુંદર રૂપ થઈ શકે છે. સિંહના રૌદ્રરૂપના પછી જેણે મુનિદશાના શાંતરસનું સુંદર રૂપ ધારણ કર્યું અને આ પ્રમાણે સંસારનો વેષ છોડી મોક્ષ-સાધનાનો સુંદર વેષ ધારણ કર્યો. આ નાટકમાં એક જીવના બે રૂપ દર્શાવવામાં આવ્યા છે.

એક હતો રાજકુમાર.... તેનો એક મિત્ર કલાકાર બહુરૂપિયો હતો. વિવિધ વેષ ધારણ કરવામાં તે માહિર હતો. તેનું નામ હતું બ્રહ્મગુલાલ.

એક વખત રાજકુમારને તેના મિત્રો સાથે વિવાદ થયો, કારણ કે તે રાજકુમાર 'બ્રહ્મગુલાલ'ના કળાની ભરપૂર પ્રશંસા કરતો હતો, પરંતુ તેની મિત્રમંડળીને આ વાત રુચતી નહોતી. મિત્રો રાજકુમારને કહેતા કે તમે ખોટી રીતે તેની પ્રશંસા કરો છો. તેની કલા સામાન્યશ્રેણીની છે, તેનામાં ભાવપરિવર્તનની સ્વાભાવિક શક્તિ નથી, જે કળાથી વિદ્વાનોના મન જીતી શકે.

રાજકુમાર તેની કળાને સર્વશ્રેષ્ઠ સિદ્ધ કરવા ઇચ્છતો હતો. તેને તેની કળામાં એક વિશેષ પ્રકારનું આકર્ષણ દેખાતું હતું, પરંતુ તેમના ગુણદ્રોહી દુર્જન મિત્રોને એક જૈન કલાકારની કળાની પ્રશંસા સહન થતી ન હતી, તેથી તેઓ તેમના પ્રત્યે ઘણી દ્વેષભાવના રાખતા હતા.

એક દિવસની વાત છે જ્યારે રાજકુમારને ત્યાં તેના સંબંધી આવ્યા, રાજકુમારે મુક્તકંઠે કલાવિદ્‌ બ્રહ્મગુલાલના ભાવ પરિવર્તનની પ્રશંસા કરી, ત્યારે તેની પ્રશંસા સાંભળી અન્ય મિત્રો ઉગ્ર થઈ ગયા અને તેમાંના એક મિત્રે કહ્યું–

"આ પ્રમાણે વેષ ધારણ કરવો એ તો એક સાધારણ મનુષ્યનું કામ છે. પણ જો બ્રહ્મગુલાલ સાચો કલાકાર હોય તો અમે તેની કલાની પરીક્ષા કરવા માગીએ છીએ. જ્યાં તે પોતાની શ્રેષ્ઠ કલાનો પરિચય આપે."

રાજકુમારને તો બ્રહ્મગુલાલની સ્વાભાવિક કલા પ્રદર્શનની શક્તિ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેણે તરત જ કહ્યું–

"મિત્રો, તમે ખુશીથી તેની પરીક્ષા કરી શકો છો. તમે જેનું રૂપ કરવાનું કહેશો તે માટે તે તૈયાર છે."

મિત્રોએ કહ્યું –"આજે તો અમે તેને સિંહના રૂપમાં જોવા માગીએ છીએ."

"તમે તેને જે રૂપમાં જોવા માગતા હો, તે રૂપમાં તેને જોઈ શકો છે."—એમ દૃઢતાથી રાજકુમારે તેનો સ્વીકાર કર્યો.

બીજા મિત્રે કહ્યું —"માત્ર વેષ ધારણ કરવાની વાત નથી પણ તેનામાં સાચે જ સિંહ સમાન પરાક્રમ અને તેજ હોવું જોઈએ."

રાજકુમારે ઉત્તર આપ્યો—"તેના માટે તે બધું શક્ય છે."

મિત્રમંડળી પોતાના અંતરની ઈચ્છા પૂર્ણ કરવા ઈચ્છતી હતી. તેનો આજે અવસર મળી ગયો તેથી મનમાં ખુશ થતા કહ્યું — 'હવે મજા આવશે.'

રાજકુમારે તે બધાને વિશ્વાસ આપ્યો અને પોતે બ્રહ્મગુલાલ પાસે ચાલ્યો. (અરેરે ! રાજકુમાર મિત્ર-મંડળીની માયાજાળમાં ફસાઈ ગયો.)

(૨)

નાટ્યકલા વિશારદ બ્રહ્મગુલાલ પદ્માવતી પોરવાલ જાતિનો એક જૈન યુવક હતો. તેનો જન્મ વિ.સં. ૧૬૦૦ની આસપાસ ટાપાનગરમાં થયો હતો. ટાપાનગરની રાજધાની સુદેશ હતી. બ્રહ્મગુલાલને બાળવયથી જ નાટ્યકલા પ્રતિ પ્રેમ હતો અને હવે યુવા અવસ્થામાં તેની નાટ્યકલાનો પૂર્ણ વિકાસ થઈ ગયો હતો.

રાજકુમારની સભામાં તે ઘણીવાર પોતાની કલાનું પ્રદર્શન કરતો હતો, ભાવ-પરિવર્તનની અદ્ભુત કળાથી રાજકુમાર અને તેના થોડા મિત્રો આફરીન હતા. દર્શકોના હૃદયને પોતાના તરફ કરવાની તેનામાં અદ્ભુત શક્તિ હતી. જે વેષ તે ધારણ કરતો તેમાં તેની સ્વાભાવિકતા હકીકતમાં દૃશ્યમાન થતી હતી—આમ હોવા છતાં રાજકુમારના અમુક મિત્રો તેનાથી ખુશ ન હતા, તેઓ કોઈપણ રીતે તેને અપમાનિત કરવાનો અવસર જોતા હતા. આજ તેમને તે અવસર મળી ગયો તેથી તેઓ ખૂબ જ ખુશ થયા અને તેની ઉપર મુજબ પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો.　　　　　　(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)　　　　　(પ્રશ્નપત્ર)

(૨) જેનો ઉપયોગ ................. લાગે છે તેને જગતના બધાય પદાર્થો નીરસ લાગે છે.

(૩) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં .............. હો પછી ............... હોય.

(૪) શરીરાદિમાં ............. કરનાર બહિરાત્મા તથા તે દ્વારા ........... અને ................ ભોગોની વાંછા કરે છે.

**પ્રશ્ન-૪ : નીચે આપેલ વિષય ઉપર નિબંધ લખો. (પંદરથી- વીસ લાઈનમાં)　　　　૧૦**

(૧) અજ્ઞાનતાવશ કોના નિમિત્તે કર્મના બંધ થાય છે. ચર્ચો.

(૨) ધર્મીને અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય છે પણ તેનું સ્વામીપણું નથી. ચર્ચો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૨૦-૨-૨૦૧૯ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર, જલગાંવ

## પ્રશ્નપત્ર ક્રમાંક-૩ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ -સમાધિતંત્ર ગાથા ૩૨ -૪૪

**સૂચના :** (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ બાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (બે લાઈનમાં) ૨૪**

(૧) હું કઈ રીતે મારા આત્માને પ્રાપ્ત થયો છું ? મેં આત્માને ક્યાંથી હટાવ્યો છે ?
(૨) ઘોર તપ કરવા છતાં હું આત્માને પ્રાપ્ત કેમ થતો નથી ? શરીરથી ભિન્ન આત્માને કેમ જાણતો નથી ?
(૩) અંતરાત્મા જીવ તપ દ્વારા ભયાનક દુષ્કર્મો ભોગવવો હોવા છતાં કેમ ખેદને પ્રાપ્ત થતો નથી ?
(૪) કોનું મન રાગ-દ્વેષના તંરગોથી ચંચળ થતું નથી ? ક્યો જીવ આત્મ તત્ત્વને દેખી શકતો નથી ?
(૫) અવિક્ષિપ્ત મન કેવું છે ? કેવા મનનો આશ્રય કરવો નહીં ?
(૬) રાગથી મન અવશપણે વિક્ષિપ્ત થાય છે ? કઈ રીતે તે સ્થિર થાય છે ?
(૭) કોના મનમાં અપમાનાદિ હોય છે ? કોને તે અપમાન તિરસ્કારાદિ થતા નથી ?
(૮) તપસ્વી આત્માને શું કરવાથી રાગ-દ્વેષ શાંત થઈ જાય છે ?
(૯) કોણ શરીરાદિ વિષયો તરફના પ્રેમને નાશ કરે છે ?
(૧૦) આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલાં દુઃખ શાંત થાય છે ?
(૧૧) ક્યા જીવો દુર્ધર તપ કરવા છતાં નિર્વાણને પ્રાપ્ત કરતા નથી ?
(૧૨) સુંદર શરીર અને સ્વર્ગના વિષયોની અભિલાષા કોણ કરે છે ?
(૧૩) કોણ કર્મ બાંધે છે અને કોણ કર્મબંધનથી મુક્ત થાય છે ?
(૧૪) આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલ દુઃખ કઈ રીતે શાંત થાય છે ?
(૧૫) આ ગ્રંથમાં મુનિરાજની મુખ્યતાથી બધી વાતો બતાવી છે તે અવિરત સમ્યગ્દષ્ટિને કઈ રીતે લાગુ પડે છે ?

**પ્રશ્ન-૨ : નીચે આપેલ પ્રશ્નોમાંથી ત્રણના ઉત્તર આપો. (પાંચ-છ લાઈનમાં) ૧૨**

(૧) કોણ પોતાને સ્ત્રી-પુરુષ કે નપુંસક માને છે ? કોણ તેમ માનતું નથી ?
(૨) હું મારા આત્માને કઈ રીતે પ્રાપ્ત થયો છું ?
(૩) કોનું મનરૂપી જલ રાગ-દ્વેષાદિ તરંગોથી ચંચળ થતું નથી ?
(૪) અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારો દ્વારા શું થાય છે ? તે સંસ્કારો ક્યા છે ?

**પ્રશ્ન-૩ : ખાલી જગ્યા પૂરો. ૪**

(૧) જ્ઞાની એટલે અંતરાત્માના રાગાદિ .............ના કહેવાય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૬ ઉપર)

# SMS સ્પર્ધા-૨૦૧૯

**સૌજન્યકર્તા : લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. બીપીનભાઈ કનૈયાલાલ ભાયાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન બળવંતરાય ભાયાણી**

(૧) **SMS** સ્પર્ધા-૨૦૧૯માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ **SMS** સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૧૯ થી ૨૦-૧૨-૨૦૧૯

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા **SMS** માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૧૯ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધાની લેખિત પરીક્ષામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(**A**) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી **SMS** લખીને પરીક્ષામાં ભાગ લઈ શકે છે.
**A** વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/- રૂપિયા

(**B**) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
**B** વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૩૦૦ **SMS** લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૧૯ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૧૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત જે સ્પર્ધકોએ પોતાની **SMS** બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

(**A**) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(**B**) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

(**C**) ૩૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
એક ઈનામ ૧૫૦૦/-

(૫) **SMS** સુવિધા શરૂ કરાવવા માટે આપે પોતાના મોબાઈલમાંથી **SMS** ગુજરાતી ભાષામાં (લીપી અંગ્રેજી) મેળવવા **JOIN SDJSMTG** અને હિંદી ભાષામાં(લીપી અંગ્રેજી) મેળવવા **JOIN SDJSMTH** લખી **9220092200** પર **SMS** કરવો.

**SMS** સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. **9276867578** પર ફોન કરવો અથવા **contact@kanjiswami.org** પર ઈ મેઈલ કરવા વિનંતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### ❋ શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૭૯મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ ❋

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૯મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૧૧, તા. ૧-૩-૨૦૧૯, શુક્રવારથી તા. ૮-૩-૨૦૧૯ ને શુક્રવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

### ❋ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૭મો સમ્યક્‌ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ ❋

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૭મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી કુંદકુંદ-કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદ દ્વારા ઊજવવામાં આવનાર છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ મહા વદ-૧૨, તા. ૩-૩-૨૦૧૯, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે. તો મંગલ અવસરે સર્વે મુમુક્ષુઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**❋ શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૫મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, શનિવાર, તા. ૯-૩-૨૦૧૯ થી ૧૩-૩-૨૦૧૯ બુધવાર સુધી આનંદોલ્લાસ સહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**❋ ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા** : ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૩-૩-૨૦૧૯, બુધવારથી તા. ૨૦-૩-૨૦૧૯ બુધવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

**❋ શ્રી પરમાગમમંદિર વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : ફાગણ સુદ-૧૩, તા. ૧૯-૩-૨૦૧૯, મંગળવારના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૬મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## (૬૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચેના પ્રશ્નોના જવાબ 'હા' અથવા 'ના'માં આપો.)

(૧) નિયમસારમાં સ્વરૂપ સ્થિત મુનિઓને નિશ્ચય સમાધિ હોય છે તેમ કહ્યું છે. ................

(૨) કોઈપણ દ્રવ્યમાં વિરોધી ધર્મો એક સાથે હોઈ શકે નહીં. ................

(૩) એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને ૧ થી ૩ ગુણસ્થાન હોઈ શકે છે. ...............

(૪) ઉપાદાન કારણ તૈયાર હોય તો નિમિત્ત વિના પણ કાર્યની ઉત્પત્તિ થઈ શકે છે. ...............

(૫) સમયસાર બંધ અધિકારમાં અજ્ઞાન સહિતના રાગ-દ્વેષને જ બંધનું કારણ કહ્યું છે. ..............

(૬) જ્ઞાની વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં કોઈ નયનું આલંબન રહેતું નથી. ..............

(૭) સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે. ..............

(૮) શુદ્ધ અને અશુદ્ધ બંને પ્રકારનાં પરિણમનમાં નિમિત્ત સાપેક્ષતા હોય છે. ...........

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ "આ અશરીરી થવાનું શાસ્ત્ર છે" તેવું વિધાન સમયસાર માટે કરેલ છે. ..............

(૧૦) "દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજા સાધનની રાહ જોવી ન પડે" આ વિધાન પૂજ્ય બહેનશ્રીએ વચનામૃત પુસ્તકમાં કહેલ છે. ..............

(૧૧) પુણ્ય અને પાપ બંને કર્મબંધના કારણ હોવા છતાં પુણ્યને હિતકારી માનવું એ પુણ્યતત્ત્વ સંબંધી ભૂલ છે. ..............

(૧૨) વિભાવ વ્યંજન પર્યાય છએ દ્રવ્યોમાં હોય છે. ...............

(૧૩) કાયમને માટે સ્થિર એવા આકાશ દ્રવ્યને સ્થિર રહેવામાં અધર્માસ્તિકાય દ્રવ્ય નિમિત્ત છે. ...............

(૧૪) ચાર સંજ્ઞા પૈકી દશમાં ગુણસ્થાનમાં કોઈ સંજ્ઞા હોતી નથી. ...............

(૧૫) અંતરાત્માના ત્રણ પ્રકાર પૈકી ક્ષીણમોહ ગુણસ્થાવર્તી મુનિ ઉત્તમ અંતરાત્મા છે .......

(૧૬) નિશ્ચય શ્રદ્ધા સહિત સાત તત્ત્વની વિકલ્પ–રાગ સહિતની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ................

(૧૭) અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક બાકીના કષાયોનું અંશરૂપે મંદ થવું તે પ્રશમ છે. ................

(૧૮) શુદ્ધ, શુભ અને અશુભ એ ત્રણ પ્રકારનો ઉપયોગ એ જ્ઞાનગુણની અવસ્થા છે. ................

(૧૯) હસ્તિનાપુરમાં કુંથુનાથ ભગવાનનાં ત્રણ કલ્યાણક થયેલ છે. ..............

(૨૦) દર્શન ધર્મનું મૂળ છે, અને ચારિત્ર તે ધર્મ છે. ..............

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી–૨૦૧૯ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | વર્ધમાન | (૮) | દ્રવ્યાનુયોગ | (૧૫) | એષણા |
| (૨) | ત્રણ | (૯) | બહેનશ્રી ચંપાબેન | (૧૬) | અનધ્યવસાય |
| (૩) | વ્યવહાર | (૧૦) | તાત્પર્યવૃત્તિ | (૧૭) | ક્ષાયિક |
| (૪) | પ્રવચનસાર | (૧૧) | એકત્વ | (૧૮) | કેવળજ્ઞાન |
| (૫) | જ્ઞાન | (૧૨) | બારમા | (૧૯) | પારિણામિક |
| (૬) | પુદ્‌ગલ | (૧૩) | આહારદાન | (૨૦) | ત્રણ |
| (૭) | તપ | (૧૪) | સત્ | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી – ૨૦૧૯ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) નવમી | (૮) જેઠ સુદ ૫ | (૧૫) અસંખ્ય |
| (૨) અઢાર | (૯) આકાશ | (૧૬) મિથ્યાત્વ |
| (૩) વૈક્રિયિક | (૧૦) એક | (૧૭) મુનિરાજ |
| (૪) ૨૪ | (૧૧) કુદેવ | (૧૮) પંચ પરમેષ્ઠીને |
| (૫) માર્દવ | (૧૨) ભગવાન આત્મા | (૧૯) વિશ્વ |
| (૬) પરમ ઔદારિક | (૧૩) કૈલાશ | (૨૦) છેતાલીસ |
| (૭) નિત્ય | (૧૪) દ્રવ્ય અને ભાવ | |

## (૬૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) સોનગઢના મૂળનાયક શ્રી સીમંધર ભગવાનની બન્ને બાજુ ગુલાબી આરસના (૧) ...................... તથા (૨)......................... ભગવાન છે.

(૨) ૨૪ તીર્થંકરોમાં સૌથી ઓછું આયુષ્ય .................... ભગવાનનું હતું.

(૩) દર છ માસ ૮ સમયમાં .................... જીવ મોક્ષ જાય છે.

(૪) ................... મુનિરાજે ૧ વર્ષ સુધી કાયોત્સર્ગ તપ કર્યો હતો.

(૫) ................. મુનિરાજને ૬ મહિના સુધી આહાર મળ્યો નહોતો.

(૬) આત્મામાં જીવ અપેક્ષાએ સામાન્ય ગુણો ................ છે અને સંખ્યા અપેક્ષાએ ............... છે.

(૭) જેમાં મહાપુરુષોનું વર્ણન આવે છે તેને.................. યોગ કહેવામાં આવે છે.

(૮) .......................ને પાપનો બાપ કહેવામાં આવે છે.

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ ભગવતી આ ઉપમા .................................... ને આપેલ હતી.

(૧૦) બારહ ભાવનામાં પહેલી ભાવના ................ ભાવના છે.

(૧૧) ક્રોધ, ............... માયા, ............... આ ચાર કષાય છે.

(૧૨) અમે ............... પ્રભુના સંતાન છીએ.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિનું નામ ................... છે.

(૧૪) અજિતનાથ ભગવાનનું ચિહ્ન .................. છે.

(૧૫) અરિહંત પરમેષ્ઠીને .................. ગુણ હોય છે.

(૧૬) પંચ પરમાગમ આચાર્ય .................. મુનિએ બનાવેલ છે.

(૧૭) હું ............. છું, મારામાં ............ છે અને હું ................. જાણું છું.

(૧૮) શરીર ............ છે, તે કાંઈ ................... નથી.

(૧૯) દ્રવ્ય ............... છે. તત્ત્વ ............. છે.

(૨૦) ક્રિયાવતી શક્તિ ................ અને ................. દ્રવ્યમાં જ હોય છે.

## અઢારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૨૦૧૮ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત અઢારમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો પ્રારંભ શિબિરાર્થી તથા મહેમાનોની ઉપસ્થિતિમાં સૌજન્યકર્તા દ્વારા મંગલ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમાત્મપ્રકાશ, ઈષ્ટોપદેશ ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. રાત્રિએ બાળકો દ્વારા પ્રસ્તુત કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ, ક્વીઝ આદિ મુમુક્ષુઓને ઘણા જ પસંદ આવ્યા હતા. આ શિબિરમાં ૧૫૦ બાળકો તથા અન્ય ૧૦૦ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. તા. ૩૦-૧૨-૨૦૧૮ના રોજ આયોજક તરફથી શિબિરાર્થીઓ માટે વિંછીયાની યાત્રા તથા બોટાદના મંદિરના દર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ શિબિરમાં **SMS** ની આવેલ નોટબુકમાંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા **SMS**ની પરીક્ષા લઈ તેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામો આપવામાં આવ્યા હતા. આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓ માટે આવવા-જવાની, આવાસની, ભોજનની તથા યાત્રાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ શિબિરના સૌજન્યનો લાભ શ્રી મલાડ દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, મલાડ-મુંબઈને મળ્યો હતો.

---

## વૈરાગ્ય સમાચાર :–

સુરેન્દ્રનગર નિવાસી લલિતચંદ્ર ન્યાલચંદભાઈ દોશી (–સ્વ. ધનજીભાઈ ગફલભાઈ દોશીના પૌત્ર) (ઉ.વ. ૮૫) નું દેહ પરિવર્તન તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે. તેઓ સીમંધર ભગવાન દિગમ્બર જિનમંદિર, સુરેન્દ્રનગરના ટ્રસ્ટી હતા.

સુરેન્દ્રનગર નિવાસી વિમળાબેન હસમુખલાલ શેઠ (ઉ.વ. ૮૭) નું દેહ પરિવર્તન તા. ૧૧-૧૨-૨૦૧૮ના રોજ થયેલ છે. તેઓશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીબેને પ્રયોજેલા વીતરાગમાર્ગ પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો.

ખારના નિવાસી (હાલ સુરેન્દ્રનગર) શ્રી કિરીટભાઈ હસમુખભાઈ દોશી (ઉ.વ. ૬૯)નું દેહ પરિવર્તન તા. ૨૯-૧૨-૨૦૧૮ના રોજ સુરેન્દ્રનગર મુકામે થયેલ છે.

જસવંતભાઈ શાંતિલાલ શાહ (હાલ અમદાવાદ) (ઉ.વ. ૭૦) તા. ૩૧-૧૨-૨૦૧૮ના રોજ જાગૃત અવસ્થામાં રહી દેહપરિવર્તન કરેલ છે. તેઓ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શ્રદ્ધાવંત હતા અને ગુરુદેવશ્રીના તત્ત્વનો સદાય અભ્યાસ કરતા હતા.

સુરેન્દ્રનગર નિવાસી (હાલ અમદાવાદ) લક્ષ્મીબેન મહાસુખલાલ શાહ (ઉ.વ. ૯૨)નું દેહ પરિવર્તન તા. ૭-૧-૨૦૧૯ના રોજ સમતાભાવપૂર્વક થયેલ છે.

**શ્રી કુંદકુંદ-કહાન મુમુક્ષુ મંડળ અમદાવાદ**
**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૭મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ''ભાવી તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૭મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૩૦-૩-૨૦૧૯ શનિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. સમ્યક્ત્વજયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૨૬-૩-૨૦૧૯, મંગળવારથી તા. ૩૦-૩-૨૦૧૯, શનિવાર પાંચ દિવસ સુધી શ્રી જમ્બૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર-જિનબિમ્બ વિધાન-પૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, વિદ્વાનોના પ્રવચનો, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી કુંદકુંદ-કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદ દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૩-૩-૨૦૧૯ રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક
શ્રી કુંદકુંદ-કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જ્ઞાયકભાવ ને રાગને જુદા ન પાડનારા જીવો વ્યવહારથી વિમોહિત થયા છે એટલે કે શુભરાગ કરતાં કરતાં મને લાભ થશે. શુભોપયોગ તે સાધન છે ને શુદ્ધોપયોગ તે સાધ્ય છે. એમ માનનારા રાગમાં લાભ માનતા હોવાથી, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ આત્માને અને રાગને એક માને છે. ચૈતન્યના સ્વભાવને ભૂલી જઈને રાગના કર્તૃત્વમાં દોરાઈ જવાથી રાગથી વિમોહિત થયેલાઓ, પર્યાયમાં જે અનેકરૂપ—વિશ્વરૂપ ભાવો પ્રગટ છે તે રૂપે આત્માને અનુભવે છે. ૩૪૩.

● જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે. પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે—એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વ-ચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને—ભેદજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. ૩૪૪.

● અખંડ આનંદનો નાથ પ્રભુ છે તેને જાણ્યા વિના ગુણ-ગુણીના વિકલ્પમાં મગ્ન છે તે વ્યવહારમાં મગ્ન છે. જ્ઞાન છે તે આત્માનું છે એમ લક્ષણ-લક્ષ્યના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. સંસારના પાપના ભાવમાં કે દયા, દાન આદિના ભાવમાં રોકાયો છે. એ તો ક્યાંય રહ્યો પણ લક્ષણ-લક્ષ્યના ને ગુણ-ગુણીના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી તે વ્યવહારમાં મગ્ન છે. ૩૪૫.


● રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે, તેનાથી મુક્ત થવા ઈચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું ?—કે આત્માને જાણવો. એ તો ચૈતન્ય રત્નાકર છે. ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે, પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને સૌ પ્રથમ જાણનાર સચ્ચિદાનંદ પ્રભુને જાણવો. ૩૪૬.

● મોક્ષાર્થી પુરુષ એટલે ?—કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી, પરમ આનંદના લાભનો અર્થી પુરુષ કે જે જગતની આબરૂ, કીર્તિ, પૈસા કે સ્વર્ગનો અર્થી નથી તે મોક્ષાર્થી છે. જે એકમાત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિ અને રાગ-દ્વેષના દુઃખના વ્યયનો અર્થી છે તે મોક્ષાર્થી છે. ૩૪૭.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૯
અંક-૬ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-2-2019
Posted on 1-2-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org